|| तस्य वाचकः प्रणवः ||

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



વર્ષ - ૩૦ (જાન્યુ, ફેબ્રુ, માર્ચ)
VOL - XXX 2014-15 ISSUE-III

માનદ તંત્રી : નૈષધ વ્યાસ
સંકલન : ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ ૐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

ઓમ્ પરિવારના ઉત્સવો - ૨૦૧૫

કયા પ્રસંગ નિમિત્તે	સ્થળ	ઊજવવાની તારીખ
મહાશિવરાત્રી નિમિત્તે	કુસુમ હરનાથ મંદિર, અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા, ઉમરેઠ-ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ.	૨૨-૨-૧૫ રવિવાર સવારે ૧૦ થી ૨
હનુમાન જયંતી નિમિત્તે	અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૧૩.	૫-૪-૧૫ રવિવાર સવારે ૮.૩૦ થી ૧૧
ગુરુપૂર્ણિમા	'મણિબા ભવન' કર્ણાવતી ફ્લેટની બાજુમાં, રાજેશ્વરી કોલોની સામે, ચંડોળા તળાવ પાસે, ઈસનપુર કાંસ ઉપર, મણિનગર, અમદાવાદ.	૩૧-૭-૧૫ શુક્રવાર સવારે ૮ થી ૦૨
ઓમ્ ગુરુદેવ જયંતી નિમિત્તે	'મણિબા ભવન' કર્ણાવતી ફ્લેટની બાજુમાં, રાજેશ્વરી કોલોની સામે, ચંડોળા તળાવ પાસે, ઈસનપુર કાંસ ઉપર, મણિનગર, અમદાવાદ.	૬-૧૧-૧૫ શુક્રવાર સાંજે ૪.૩૦ થી ૮
બેસતું વર્ષ	નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮.	૧૨-૧૧-૧૫ ગુરુવાર સવારે ૭ થી ૮
શ્રી ગાયત્રીઅનુષ્ઠાન સાધનાશિબિર નિમિત્તે	''નિર્વિકલ્પ મુક્તિધામ'' નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ.પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર.	૨૭-૧૨-૧૫ રવિવાર સવારે ૧૦ થી ૨

નોંધ : ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ ઊજવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ઉત્સવ વિષેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે. (27911195) અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં બસભાડાના પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.

ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.

|| ॐ ||

|| तस्य वाचकः प्रणवः ||

રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું

બહુજનહિતાય-બહુજનસુખાય

હનુમાન જયંતી નિમિત્તે

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

તા. ૨૦-૪-૨૦૧૪ **સંકલન - શશિકાંત પટેલ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાન જયંતી નિમિત્તે તા. ૨૦-૪-૧૪ને રવિવાર સવારે ૮ થી ૧૧ સ્વાધ્યાય-સત્સંગ-ભજન તથા પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચનનો કાર્યક્રમ ઓમ્ પરિવારના ઉપક્રમે સ્વ. ગોવિંદભાઈ પ્રજાપતિના પરિવારજનોએ ભદ્રેશ્વર ફ્લેટ, અંકુર, નારણપુરા, અમદાવાદ મુકામે રાખેલ. આ પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવે ઉપસ્થિત સૌ કોઈ ઉપર આશીર્વાદરૂપી કરુણા વરસાવતાં જ્ઞાનામૃતનું પાન કરાવ્યું તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

સત્ય-ધર્મ ગુરુદેવકી જય, સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત. વંદન-અભિનંદન-આશીષ.

આજે હનુમાન જયંતી નિમિત્તે રૂડા કાર્યક્રમની ઉજવણી માટે તમે સૌ ખૂબ જ આનંદ અને હોંશભેર એકઠા થયા છો. અમને પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તમને સૌને રૂબરૂ મળવાની ઘણી જ હોંશ હતી. પરંતુ અવસ્થાના કારણે તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી રૂબરૂ ઉપસ્થિત રહી શક્યા નહીં તેનું અમને ઘણું જ દુઃખ છે. જેમ જેમ અવસ્થા વધતી જાય છે તેમ તેમ પ્રકૃતિના નિયમ મુજબ શરીરની-ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થતી જાય છે. તેની કામ કરવાની ક્ષમતા ઓછી થતી જાય છે. આથી શરીરની, શ્રમનો ધક્કો સહન કરવાની શક્તિ મર્યાદિત થઈ જતી હોય છે. પરિણામે જુવાનીમાં શરીર પાસેથી જે કામ લઈ શકતા હતા, જે શ્રમ કરી શકતા હતા અને જેનો ધક્કો સહન કરી શકતા હતા તે ઘડપણમાં વધતી અવસ્થાએ થઈ શકતું નથી. કુદરતના આ નિયમની ઉપરવટ જઈને શરીરની, શ્રમનો ધક્કો સહન કરવાની મર્યાદાથી વધુ શ્રમ કરવા જઈએ તો તબિયત વધારે બગડે. પરિણામે જે થોડોઘણો શ્રમનો ધક્કો અહીં રોકવા સક્ષમ હતા તેમાં પણ ઘટાડો થાય. સૌ કોઈએ આ વાતનું બરાબર ધ્યાન રાખી શરીરની શ્રમ કરવાની ક્ષમતાની મર્યાદામાં રહીને શ્રમ કરવો જોઈએ, તો તેથી ધીરું પણ વધુ કાર્ય સારી રીતે થઈ શકે. આ કારણે જ મનમાં ઘણી ઈચ્છા હોવા છતાં પણ, તમારા સૌ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી શક્યા નથી. પરંતુ, તમે સૌ ઉત્સવના દરેક કાર્યક્રમમાં મસ્ત બની પ્રેમથી કાયમ માટે લાભ લો છો તેમ લેજો. આયોજકો આવા કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન તો કરે, પરંતુ તેનો કેવો અને કેટલો લાભ લેવો તે આપણી હૈયાની ઊલટ પર અવલંબે છે. દર વરસની જેમ આજના આ કાર્યક્રમનું આયોજન શ્રી ગોવિંદભાઈના પરિવારજનો તરફથી કરવામાં આવ્યું છે. શ્રી ગોવિંદભાઈએ સમગ્ર પરિવારને સુસંસ્કારનો ઉત્તમ વારસો આપ્યો છે તે મુજબ પરિવારનાં સૌકોઈ ગુરુ-સંતો તરફ પ્રેમ અને આદર સહિત સાત્ત્વિક જીવન જીવી રહ્યાં છે તેનો ખૂબ જ આનંદ છે. કાર્યક્રમના થોડા દિવસ પહેલાં તેઓ અમારી પાસે, અમે કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહીએ તે અંગેની વિનંતી કરવા બે વાર આવ્યા હતા. ત્યારે અમે તેમને કહેલું કે, કાર્યક્રમના દિવસે શરીરની જેવી સ્થિતિ હશે તેમ કરીશું. તો, આજે રૂબરૂ આવી શક્યા નથી તેથી ટેલીફોનના માધ્યમ દ્વારા આશીર્વચન

નિમિત્તે બે શબ્દ કહેવાનો પ્રયત્ન કરીએ છીએ. તમે સૌ પણ તે સાંભળવાની આતુરતાથી રાહ જોતાં હશો.

તા. ૧૩-૪-૧૪ને રવિવારના રોજ ઉમરેઠ મુકામે બ્રહ્મચોર્યાસીનું આયોજન, અમદાવાદ તથા ઉમરેઠ ઓમ્‌પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. ઉમરેઠના સમગ્ર બ્રાહ્મણોને સહકુટુંબ ભોજનનું આમંત્રણ પાઠવવામાં આવેલ. તે પ્રસંગે લગભગ બારસો બ્રાહ્મણોએ ભોજન-પ્રસાદનો લાભ લીધો. સૌને દક્ષિણા, એક જનોઈજોટો, ઓમ્ પરિવારનું સ્ટીકર, 'અમૃત છલકાયું' ભિક્ષુઝોળીની પુસ્તિકા તથા રુતમ્ભરાનો અંક આપવામાં આવેલ. પરમાત્માની કૃપાથી આખો જ કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે નિર્વિઘ્ને પાર પડ્યો. વળી, કાર્યક્રમનો શુભારંભ ઉમરેઠ સંતરામમંદિરના મહંત પૂ. શ્રી ગણેશદાસજી મહારાજશ્રીએ દીપ પ્રગટાવીને કરેલ. જો આપણે કોઈ પણ સત્કાર્ય નિઃસ્વાર્થભાવથી પ્રેમપૂર્વક કરીએ તો તેમાં પરમાત્મા સાથ આપતા હોય છે. આવા જ ભાવથી શ્રી ગોવિંદભાઈનાં પરિવારજનોએ હનુમાનજયંતી નિમિત્તે આજના કાર્યક્રમનું આયોજન કરી તેનો સૌને લાભ આપી ઉત્તમ સત્કાર્ય કર્યું છે. જોકે હનુમાનજયંતી તો તા. ૧૫-૪-૧૪ને મંગળવારના દિવસે હતી. પરંતુ તે નિમિત્તે આજે રવિવારે કાર્યક્રમનું આયોજન કર્યું છે. ગુરુપૂર્ણિમા તથા ઓમ્ જયંતી આ બન્ને કાર્યક્રમો ઓમ્ પરિવારના ઉપક્રમે જે તે દિવસે ઊજવાય છે. બાકીના કાર્યક્રમો જે તે પ્રસંગ નિમિત્તે ત્યાર પછીના પહેલા રવિવારે ઊજવવામાં આવે છે. તેથી સૌ ભક્તો-મુમુક્ષુજનો ભજન અને ભોજનનો લાભ લેવા વધુ પ્રમાણમાં ઉપસ્થિત રહી શકે. મનુષ્યજન્મને સાર્થક કરવા માટે જીવનમાં ભોજન અને ભજન બેયની જરૂર છે. પરંતુ ભોજનને ગૌણ સમજવાનું છે, જ્યારે ભજનને જ મુખ્ય સમજવાનું છે. ભોજન, ભજનમાં સહાયરૂપ થવા માટે અનિવાર્ય છે એવી સમજણ પાકી કરવાની છે. ભોજન આ જન્મ સુધારે છે, જ્યારે ભજન અનેક જન્મો સુધારે છે. પરંતુ, મનુષ્ય અજ્ઞાનવશ એમ સમજે છે કે, મનુષ્યજન્મ ભોજન માટે જ છે. જીવનમાં મુખ્ય જે કરવાનું છે તેની અનિવાર્યતા પ્રત્યે તે ઉપેક્ષા સેવે છે. પરિણામે કલ્યાણપથમાં આગળ વધવાને બદલે અકલ્યાણરૂપી અધોગતિના કાદવમાં વધુ ને વધુ ખૂંપતો જાય છે. મોંઘો મનુષ્યજન્મ એળે જાય છે. આવા લોકો માટે તુલસીદાસજીએ કહ્યું છે કે —

"રામ ભજનમેં આલસી, ભોજનમેં હુંશિયાર,
તુલસી એસે જીવ કો, લાખ બાર ધિક્કાર."

આમ, તુલસીદાસજી વાણીનો ફટકો મારીને સૌને ચેતવે છે, સાવધાન કરે છે. તેઓ કહે છે કે, ભોજનમાં લાલાયિત રહેવાનું નથી અને ભજનમાં આળસ રાખવાની નથી. જીવનમાં ભોજન અથવા ભજન કોઈ એકની નહીં પરંતુ બેયની આવશ્યક્તા માનવાની છે. તુલસીદાસ કહે છે કે, મૂઢમતિ મનુષ્ય આ વાત સમજતો નથી અને ભોજનને જ મુખ્ય ગણે છે અને ભજન પ્રત્યે ઉદાસીનતા રાખે છે. આવો મનુષ્ય ધિક્કારને પાત્ર છે. ભજન શરીરના માધ્યમ દ્વારા થઈ શકે છે તેથી સારી રીતે ભજન કરી કલ્યાણપથમાં આગળ વધી મનુષ્ય-જન્મ સાર્થક કરવાના ધ્યેયમાં ભોજનને સહાયરૂપ સમજવાનું છે. તેથી મનુષ્યજન્મને સાર્થક કરવા માટે વિવેકપૂર્ણ ભોજન અને ભજન કરવાનું છે. જો વિવેક-મર્યાદા ચૂકીને આપણે ભોજન કરીશું, તો આપણું આરોગ્ય કથળશે. અનેક રોગના ભોગ બનીશુ પરિણામે ભજન કરી શકીશું નહીં. તેવી જ રીતે જો વિવેક-મર્યાદા ચૂકીને આપણે ભજન કરીશું તો તેના તાપરૂપ શરીરમાં ઊભરાતી સાત્ત્વિક ઊર્જાનો ધક્કો ખમી શકીશું નહીં. પરિણામે શરીરમાં બેચેની, અસ્વસ્થતા અને નિરુત્સાહપણાનો અનુભવ થશે. માથું ભમી જતું લાગશે. પરિણામે ભજનમાં વિઘ્ન પેદા થશે, તેથી જ ભોજન અને ભજન શરીરની ક્ષમતા મુજબ વિવેકપૂર્ણરૂપે કરવું જોઈએ. તો જ તંદુરસ્તી સારી રહે. એથી સારી રીતે ભજન થઈ શકે. આમ સાદું-સુપાચ્ય ભોજન લેવાથી સ્વસ્થ-નિરોગી રહેતા શરીરના માધ્યમ દ્વારા કલ્યાણપથમાં આગળ વધી મનુષ્ય-જન્મ સાર્થક કરવો એ જ મનુષ્યજન્મનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ. પરંતુ, જેમને માત્ર ભોગ-વિલાસમાં, વાસનામય જીવન જીવવામાં જ રસ છે તેમને તો ભજનમાં, અર્થાત્ કલ્યાણપથમાં આગળ વધવાની સહેજ પણ રુચિ હોતી નથી. તેમનું જીવન પશુ જેવું હોય છે. શાસ્ત્રોમાં કુલ ચોર્યાસી લાખ યોની જણાવી છે. તેમાં ચોર્યાસી યોની મુખ્ય કહી છે. આ ચોર્યાસી યોનીમાં ત્રણ યોની વિશેષરૂપે ગણવામાં આવી છે. આવી ત્રણેય યોનીમાં ભય-મૈથુન-આહાર-નિદ્રા એ ચારેય કાર્ય સમાન રીતે થતાં હોય છે. તેમ છતાં, મનુષ્ય યોનીને શ્રેષ્ઠ કહેવામાં આવી છે. કારણ કે, મનુષ્યયોની જ એક એવી યોની છે, કે જેમાં જો મનુષ્ય ઇચ્છે તો મોક્ષને પામવા માટે

સંનિષ્ઠ પુરુષાર્થ કરી શકે છે, મનુષ્યજન્મને સાર્થક કરી શકે છે, આત્યંતિક સુખને પામી શકે છે. જગતમાં એક સુખ એવું છે કે જે સતત સુખ જ રહે છે. આત્યંતિક સુખ સિવાયનાં જગતનાં તમામેતમામ સુખ અંતે દુઃખમાં પરિણમે છે, દુઃખને આપનારાં છે. આમ બીજાં બધાં સુખ આભાસી, ક્ષણિક અને ભ્રામક છે. આ સત્યને સમજાવતાં પતંજલિ મુનિએ તેમના અનુશાસિત યોગદર્શનના સાધન-પાદના સુત્રનં,. ૧૫માં ખૂબ જ તાત્ત્વિક રીતે એ વાત સમજાવી છે. તેમણે કહ્યું છે કે–

"પરિણામતાપસંસ્કારદુઃખૈર્ગુણવૃત્તિ વિરોધાચ્ચ દુઃખમેવ સર્વમ્ વિવેકિનઃ "

અર્થ : જે મોક્ષાર્થી અને મુમુક્ષુ છે તેવા વિવેકીજનો માટે તો જગતનાં તમામેતમામ સુખ પરિણામરૂપે, તાપરૂપે અને સંસ્કારરૂપે તથા ગુણની દૃષ્ટિએ અંતે દુઃખ જ આપનારાં છે.

આ વાત આપણે વારંવાર કહીએ છીએ કે જેથી આ વાતની વિસ્મૃતિ ન થાય અને ફરી ફરી તે તાજી થયા કરે, જેથી કલ્યાણપથમાં આગળ વધવામાં મંદતા ન આવે. તો જેમના હૃદયમાં મોક્ષને પ્રાપ્ત કરવાની તીવ્ર તલપ છે તેવા વિવેકીજનો આત્યંતિક સુખને પામવા માટે પુરુષાર્થ કરતા રહે છે. આત્યંતિક સુખ એટલે જ મોક્ષ, કૈવલ્ય-સાકેત-અક્ષરધામ-સ્વર્ગ વગેરે-વગેરે જુદાજુદા દેશકાળ પ્રમાણે જુદાંજુદાં નામ આપવામાં આવ્યાં છે. આત્યંતિક સુખની પ્રાપ્તિ એટલે દુઃખમાંથી મુક્તિ. કેવળ અને કેવળ માત્ર સુખની જ પ્રાપ્તિ. આ જન્મ મોક્ષને પામવા માટે નિષ્ઠાપૂર્વક પ્રેમથી પ્રચંડ પુરુષાર્થ કરીશું અને આ જન્મે મોક્ષને પામીશું નહીં, તો એ વાત તો ચોક્કસ જ છે કે, હવે પછીનો જન્મ મનુષ્યયોનીમાં જ થશે. મનુષ્યજન્મની પ્રાપ્તિ એ પણ ઘણી જ મોટી પ્રાપ્તિ છે. તે જન્મમાં પણ, માત્ર મોક્ષપ્રાપ્તિનો પુરુષાર્થ કરીશું. એ રીતે પછીના કોઈ એક જન્મે તો મોક્ષ જરૂર પામી શકીશું. પરંતુ, જેઓ મૂઢમતિ-અજ્ઞાની લોકો છે તેમને તો આ જગત-વહેવારનાં ભૌતિક એ આભાસી, ક્ષણભંગુર, અંતે દુઃખ આપનારાં મૃગજળ સમાન સુખોમાં જ સાચું સુખ લાગે છે. એને પામવા-ભોગવવા માટે વિવેકહીન થઈ આ લોકો આંધળી દોટ લગાવતા હોય છે. આવા લોકોનું જીવન પશુ સમાન હોય છે. પરંતુ, પૂર્વ જન્મોનાં તથા આ જન્મનાં સંચિત સત્કર્મોના ફળસ્વરૂપ આવા લોકોને પરમાત્માની કૃપાથી સદ્ગુરુદેવનો જ્યારે મેળાપ થાય છે ત્યારે, આ લોકો સદ્ગુરુદેવ પ્રત્યે પ્રેમ-ભક્તિ-નિષ્ઠાથી તેમના શરણમાં સમર્પિત થઈને રહે છે. સદ્ગુરુદેવની અહૈતુકી કૃપાસ્વરૂપ મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે આત્યંતિક સુખને પ્રાપ્ત કરવા અંગેના તાત્ત્વિક જ્ઞાનથી સાચી સમજણ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાનને આ લોકો જીવનમાં ઉતારી તે મુજબ જીવન જીવે છે અને આત્યંતિક સુખ પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં લાગી જાય છે ત્યારે તેમને ભાન થાય છે કે, અત્યાર સુધી વાસનામય ભોગ-વિલાસમાં જ સુખને મેળવવાનો વ્યર્થ પ્રયત્ન કરવામાં અત્યાર સુધીનું જીવન વેડફી દીધું. પરંતુ, એ વાતનો સંતોષ પણ થાય છે કે, સદ્ગુરુદેવની કૃપાથી કલ્યાણને પામવા સાચી દિશામાં હવે ડગ માંડી રહ્યા છીએ. અહીં એક કાવ્યની પંક્તિ યાદ આવી જાય છે. એ નીચે મુજબ છે :

"હાડ-ચામડાં બહુ બહુ ચૂંથ્યાં; ચાખોજી મધ મીઠું,
બહુ દિવસથી ખોળું હું તમને; આજે મુખડું દીઠું."

આ સામાન્ય કાવ્યની લીટીઓમાં કેટલી ગહન-તાત્ત્વિક વાતને ટૂંકમાં સરળ રીતે રજૂ કરવામાં આવી છે! તેમાં રહેલો ગૂઢાર્થ શું છે ? અત્યાર સુધી અજ્ઞાનતાવશ જગતમાં જીવતાં તમામેતમામ શરીર હાડચામડાનાં જ બનેલાં છે. આવા શરીરમાં મોહ-મમતા રાખી વાસનામય-ભોગ-વિલાસી જીવન જીવી તેમાં સુખને મેળવવા હવાતિયાં મારતા રહ્યા, પરંતુ સુખ મળ્યું નહીં અને દુઃખની જ પ્રાપ્તિ થઈ. પરંતુ, ગુરુ-સંતોની કૃપાથી સાચું સુખ શેમાં રહેલું છે તેની સાચી સમજણને સહારે તેને પામવાનો માર્ગ પ્રાપ્ત થયો. તેઓના ચીંધ્યા માર્ગે જીવન જીવી, સાચાં સુખ-શાંતિ પામી શક્યા. તો, કલ્યાણપથમાં આગળ વધી મોક્ષરૂપી આત્યંતિક સુખને પ્રાપ્ત કરી મનુષ્યજીવન સાર્થક કરવા માટે વિવેકપૂર્ણ ભોજન અને ભજન બેયની આવશ્યક્તા છે. તેથી પણ વધુ આવશ્યક્તા છેઃ સદ્ગુરુદેવનાં ચરણ-શરણમાં સાચી શ્રદ્ધા-પ્રેમ-ભક્તિ-સમર્પણપૂર્વક પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે વધુ ને વધુ રહેવું. જેથી તેમના ચીંધ્યા રાહે વિચાર-વાણી-વર્તનથી સંયમ-નિયમવાળું સાતત્યપૂર્ણ જીવન જીવી શકાય. તેમાં શિથિલતા આવે નહીં કે તેની વિસ્મૃતિ થાય નહીં. પરિણામે મોક્ષરૂપી આત્યંતિક સુખને પામી મનુષ્યજીવનની સાર્થકતા માટે કલ્યાણપથમાં ધીરજ અને દઢતાપૂર્વક આગળ વધી શકાય. વળી, માતા-પિતા-પુત્ર-ભાઈ-બહેન-પતિ-પત્ની વગેરે જગત-વહેવારના તમામેતમામ સંબંધ પરસ્પર ઋણાનુબંધથી બંધાયેલા હોય છે. આ સઘળા સંબંધો એકબીજાની હૂંફમાં કલ્યાણપથમાં આગળ વધવામાં સહાયરૂપ બને તેવું જીવન જીવવાનું છે જેથી આપણા

વડીલોમાંથી આપણને અને આપણામાંથી આપણા આશ્રિતોને પ્રેરણા મળે.

તો, કલ્યાણપથમાં આગળ વધવા માટે આજના આ હનુમાનજયંતી નિમિત્તેના કાર્યક્રમમાં આપણે હનુમાનજીની શક્તિ-ભક્તિ તથા તેમના સંયમ-નિયમવાળા જીવનને યાદ કરી તેમાંથી પ્રેરણા લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. હનુમાનજીને કેવી રીતે યાદ કરીશું? હનુમાનજીમાં એટલી અતુલ્ય શક્તિ હતી કે, જન્મ પછી બાલ્વાયવસ્થામાં જ સૂર્યને ગળી જવાનો એમણે પ્રયત્ન કરેલ. વળી, જ્યારે રામ-રાવણનું યુદ્ધ થયું ત્યારે એકવાર લક્ષ્મણને બાણ વાગવાથી મૂર્છિત થઈ ગયા હતા, તેમને ભાનમાં લાવવા માટે દ્રોણગિરિ પર્વત ઉપરથી જડીબુટ્ટી લાવવામાં આવે તો જ તેમની મૂર્છા દૂર થાય તેમ હતું. હનુમાનજી આકાશમાર્ગે દ્રોણગિરિ પર્વત ઉપર જાય છે, પરંતુ ત્યાં તેઓ જડીબુટ્ટીની પરખ કરી શકતા નથી. તેથી આખો પર્વત ઊંચકીને લઈ આવે છે. હનુમાનજી આવા શક્તિશાળી છે. વળી, હનુમાનજીની તેમના પ્રભુ-ઇષ્ટદેવ-રામચંદ્ર પ્રત્યે ભક્તિ કેવી કે, રાજયસભામાં સીતાએ હનુમાનજીને સાચાં મોતીનો હાર આપ્યો. તો હનુમાનજી તે હારનાં એકેએક મોતીને તોડીને જોવા લાગ્યા. સીતાએ તેમને આમ કરવાનું કારણ પૂછ્યું. તો, તેઓ સીતાને કહે છે કે, હું આ મોતીમાં મારા પ્રભુ રામ છે કે નહીં તે જોઉં છું. જેમાં મારા પ્રભુ રામ હોય તે મારા કામનું, બીજું મારે મન કાંઈ જ કામનું નહીં, મારે મન તેની કોઈ જ કિંમત નહીં. વળી, હનુમાનજીમાં જ્ઞાનપિપાસા પણ બેહદ તીવ્ર હતી કે તેના માટે પ્રેમ અને ધીરજપૂર્વક ગમે તેટલાં કષ્ટ પડે તો હસતામુખે સહન કરવા તૈયાર રહેતા. હનુમાનજીના વિદ્યાગુરુ સૂર્યદેવ હતા. હનુમાનજી વિદ્યાપ્રાપ્તિ માટે સૂર્યદેવ પાસે ગયા. સૂર્યદેવે તેમને કહ્યું કે, “હું સતત ગતિમાં જ રહું છું, એક ક્ષણ પણ રોકાઈ શકું નહીં, તેથી હું તમને વિદ્યા તો આપું, પણ તે માટે તમારે પણ મારી સાથે સતત ચાલતા રહેવું પડે.” તો, હનુમાનજીએ તેમની સન્મુખ રહી સતત ઊલટા પગે ચાલીને વિદ્યાની પ્રાપ્તિ કરી. હનુમાનજી તો નૈષ્ઠિક બાલબ્રહ્મચારી અને તેમનું સંપૂર્ણ સંયમ-નિયમવાળું જીવન તેમનામાં રહેલી અતુલ્ય શક્તિનું રહસ્ય છે. હનુમાનજી આવા શક્તિશાળી હોવા છતાં પણ, તેમણે તેનો ઉપયોગ નિજી સુખ માટે કદી પણ કર્યો નથી. તેનો ઉપયોગ તેમણે માત્ર પોતાના પ્રભુની સેવામાં, તેમનાં કાર્યો કરવામાં જ સદાય કર્યો છે. જગતમાંથી આસુરી શક્તિનો નાશ કરી સાત્ત્વિક શક્તિના ઉદય માટે કર્યો છે. એમના જીવનમાંથી આપણે પણ શીખ લેવી જોઈએ કે, આપણી સંમૃદ્ધિ કે જેને લીધે આપણે પોતાને શક્તિશાળી સમજીએ છીએ તે સમૃદ્ધિનો ઉપયોગ સત્કાર્યમાં વાપરવા સજાગ રહેવું જોઈએ. તેનો ઉપયોગ ખોટા કામમાં ન થાય તે માટે સાવધાન રહેવું જોઈએ. તો જ આપણે કલ્યાણપથમાં આગળ વધી શકીએ. જો આવી સાવધાનતા ન રાખીએ તો આપણું અધઃપતન નિશ્ચિત થાય જ. આથી આપણે કાયમ કહીએ છીએ કે—

“પાણી ભરાય નાવમાં, ઘરમાં વધે રૂપિયા;
બેય હાથે ઉલેચીએ, તો થવાય સુખિયા.”

આપણે નાવમાં બેસીને જતા હોઈએ અને કોઈ કારણસર તેમાં કાણું પડે અને નાવમાં પાણી ભરાવા લાગે, તો આપણે પાણીને બેય હાથે નાવમાંથી બહાર ઉલેચીએ તો જ આપણી નૌકા કિનારે પહોંચે. નહિતર નૌકા અને આપણે બેય ડૂબી જઈએ. તેવી રીતે આપણી પાસે જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં પરમાત્માની કૃપાથી સાધન-સમૃદ્ધિ આવે, તો આપણે તે વધારાની સમૃદ્ધિનો લોકકલ્યાણનાં સત્કાર્યોમાં ઉપયોગ કરવો જોઈએ. તો આપણું કલ્યાણ થાય. જો આપણે તેનો ઉપયોગ આપણા પોતાના ભોગ-વિલાસ માટે જ કરીએ તો આપણું અકલ્યાણ જ થાય અથવા તેનો સંચય જ કરી રાખીએ તો તે સમૃદ્ધિને સાચવવાની સતત ચિંતા રહે, એને પરિણામે આપણું જીવન અશાંત અને દુઃખમય રહે.

તો, હનુમાનજીમાં આટલી અતુલ્ય શક્તિનું રહસ્ય તેમનું અખંડ બ્રહ્મચર્ય અને સંયમ-નિયમવાળું જીવન છે. કલિયુગમાં હનુમાનજી જાગતા દેવ છે. બ્રહ્મચર્ય-સંયમ-નિયમની સાક્ષાત્ મૂર્તિ છે. કલિયુગમાં ચારેબાજુ ભોગ-વિલાસ-સ્વચ્છંદતા રાત-દિવસ વધુ ને વધુ જોર પકડતી હોય છે. ચારેબાજુ તેનો જ પ્રચાર-પ્રસાર બેહદ રીતે થઈ રહ્યો છે, સૌ કોઈ વિવેકહીન થઈ આવું જ જીવન જીવતા હોય છે. પરિણામે અનેક રોગોના ભોગ બની રહ્યા છે. જીવનમાં સાચાં સુખ-શાંતિનો સહેજ પણ અણસાર જોવા મળતો નથી. શરીર સ્વસ્થ રાખવા માટે બ્રહ્મચર્ય મુખ્ય છે. સાથે સાથે આહાર-વિહારમાં સંયમ-નિયમ પણ ખૂબ જ અગત્યના છે. ગૃહસ્થ બ્રહ્મચર્ય એટલે, ગૃહસ્થે પ્રજોત્પત્તિ જેવા ઉમદાકાર્ય માટે જ બ્રહ્મચર્ય છોડવું. ગૃહસ્થાશ્રમમાં બાળક થાય- ચાહે પછી તે પુત્ર હોય કે પુત્રી હોય, ત્યાર પછી સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવુ

જોઈએ. હમણાં એક માસિકમાંથી વાંચવામાં આવ્યું હતું કે, મુંબઈમાં જૈનસમાજનો મોટો ઉત્સવ યોજાઈ ગયો. તેમાં એકસો અગણ્યાએંશી પરિવારે પોતાના ગુરુજી સમક્ષ બ્રહ્મચર્યનું વ્રત લીધું. કલ્યાણપથમાં આગળ વધવા માટે કેવું અતિમૂલ્યવાન વ્રત કહેવાય. આખા સમાજનું ઉત્થાન જેના ઉપર નિર્ભર છે તેવું સમજણપૂર્વકનું સંયમ-નિયમનું વ્રત કહેવાય. બ્રહ્મચર્ય વિષે મુનિ પતંજલિએ યોગદર્શનના સાધનપાદના સૂત્ર નં ૩૮માં ઘણી જ તાત્ત્વિક-બૃહદ્ સમજણ આપી છે. તેમણે કહ્યું છે કે—

"બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ"

શું કહ્યું? પરિપૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થવાથી, એટલે કે સિદ્ધ થવાથી વીર્યનો લાભ થાય છે. કેવા વીર્યનો લાભ થાય છે? નિર્વિકારી વીર્યનો લાભ થાય છે. તેનાથી શરીરમાં ચેતનાનો ઉદય થાય છે, શરીરમાં ઉત્સાહનો સંચાર થાય છે. વળી, સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષયોને સમજવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. શરીરમાં એકત્રિત થયેલ નિર્વિકારી વીર્યના જથ્થા ઉપર જ આરોગ્ય અને આયુષ્ય અવલંબે છે. બ્રહ્મચર્યનો બીજો તાત્ત્વિક અર્થ છે : બ્રહ્મમાં વિચરણ કરવું, બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો. આમ, પરિપૂર્ણ બ્રહ્મચર્યવ્રત શારીરિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે અતિઆવશ્યક છે. ગુરુ-સંતોના સાંનિધ્ય થકી તેમની કૃપારૂપે મળેલી બ્રહ્મચર્યની સમજણ સતત ચિંતન-મનન દ્વારા આપણામાં જો બરાબર પાકી થઈ જાય, તો પછી આપણા મનમાં એ વાત નક્કી થઈ જાય કે, જગતમાં જીવતાં સૌ કોઈ હાડમાસનાં પૂતળાં જ છે, તેથી તેમના પ્રત્યેની આપણી લોલુપતા જતી રહે છે તો, જેઓ અખંડ બાલબ્રહ્મચારી છે, સંપૂર્ણ સંયમ-નિયમવાળું જેમનું જીવન છે, વળી, જેઓ અતુલ્ય શક્તિના સ્વામી છે અને જેમના વિદ્યાગુરુ સૂર્યદેવ છે એવા જ્ઞાનીઓમાં મહાજ્ઞાની હનુમાનજીએ પોતાની શક્તિ અને જ્ઞાનનો ઉપયોગ પોતાના હિત માટે કદી પણ કર્યો નથી. તેમણે તેનો ઉપયોગ સંપૂર્ણ સમર્પણભાવે પોતાના સર્વસ્થ એવા પ્રભુ-ઈષ્ટદેવ રામચંદ્ર માટે જ કર્યો છે. આમ, હનુમાનજી જગત માટે ઉત્તમ આદર્શરૂપ છે. તો કલિયુગના જીવતાજાગતા દેવ એવા હનુમાનજીની વંદના કરતાં કહ્યુ છે કે—

"મનોજવં મારુતતુલ્યવેગં, જિતેન્દ્રિયં બુધ્ધિમતાં વરિષ્ઠં;
વાતાત્મજં વાનરયૂથમુખ્યં, શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે"

અર્થ : મન જેવો વેગ ધરાવતા, પવનના જેવી ગતિવાળા, ઈન્દ્રિયો પર વિજય મેળવનાર, બુધ્ધિમાનોમાં શ્રેષ્ઠ, પવનપુત્ર, વાનરસમૂહના આગેવાન એવા શ્રી રામચંદ્રના દૂત હનુમાનજીને હું મસ્તક નમાવી પ્રણામ કરું છું.

તુલસીદાસજીએ પણ હનુમાનજીની ભક્તિ-આરાધના કરવાથી કેવી અમૂલ્ય પ્રાપ્તિ થાય છે તે વિષે કહ્યું છે કે, **"ઓર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેઈ હી સર્વ સુખ કરઈ"**. જો હનુમાનજીની ભક્તિ-આરાધના-ઉપાસના કરવામાં આવે તો તેનાથી જીવનમાં સંપૂર્ણ સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે. પછી બીજા કોઈ પણ દેવની ભક્તિ-આરાધના-ઉપસાના કરવાની જરૂર રહેતી નથી. હનુમાનજીની ઉપાસના કરવાની એટલે સર્વાંગ-સંપૂર્ણ બ્રહ્મચર્યની, સંયમ-નિયમની ઉપાસના કરવાની તે માટે પ્રતીક-માધ્યમ હનુમાનજીને રાખવાના. જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તે મુજબ જીવન જીવવાનો પુરુષાર્થ કરવાનો. હનુમાનજી આવા જીવનને કારણે અષ્ટ સિદ્ધિ-નવ નિધિના માત્ર જ્ઞાતા જ નહીં, પરંતુ દાતા એટલે કે આપવાવાળા કહેવાયા. હનુમાનજીની કૃપાસ્વરૂપ આપણને અષ્ટ સિધ્ધિ-નવ નિધિની પ્રાપ્તિ ત્યારે જ થાય, કે જયારે આપણે સંયમ-નિયમવાળું બ્રહ્મચારી જીવન જીવીએ. વળી, તેમનું હથિયાર ગદા છે. એના દ્વારા તેમણે આસુરી શક્તિનો નાશ કરી સાત્ત્વિક શક્તિને સ્થાપિત કરી. જેમ હનુમાનજીએ ગદારૂપી હથિયાર દ્વારા આમ કર્યું તેમ આપણી પાસે ગુરુનિષ્ઠા-પ્રેમ-ભક્તિ સમર્પણ તથા સંયમ-નિયમયુક્ત બ્રહ્મચારી જીવનરૂપી હથિયાર છે. એના દ્વારા આપણે કલ્યાણપથમાં અવરોધક એવાં કામ-ક્રોધ-મોહ-મદ-લોભ-મત્સરરૂપી દૂષણો, એષણા, તૃષ્ણાનો નાશ કરી સર્વ મંગલ પ્રાપ્ત કરીએ, મનુષ્યજન્મ સાર્થક કરીએ. આત્યંતિક સુખ કહેતાં મોક્ષને પ્રાપ્ત કરીએ. તે માટે સદ્‌ગુરુદેવનું વધુ ને વધુ પ્રત્યક્ષ-પરોક્ષ સાંનિધ્ય પ્રાપ્ત કરવા તત્પર રહીએ. તેમનું સત્સાહિત્ય વાંચી, તેમાંથી પ્રેરણા લઈએ. તેથી આ જગતનો ભોગ-વિલાસ-વાસનામય દૂષિત વાયુ આપણને અસર કરે નહીં, આપણને ખોખલા કરી નાંખે નહીં.

પરમાત્માને પાર્થના કરીએ છીએ કે, આ કલિયુગમાં જીવતા હોવા છતાં પણ સૌ સત્‌યુગનું જીવન જીવી શકે તેવી શક્તિ-ભક્તિ-સદ્‌બુધ્ધિ આપવા કૃપા કરજો.

ફરી ફરી સર્વેને આશિષ - જય નારાયણ.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્... ઓમ્... ઓમ્...

ગુરુપૂર્ણિમા મહોત્સવ

તા. ૧૨-૭-૨૦૧૪ **સંકલન : શશિકાન્ત પટેલ**

અષાઢ સુદ પૂર્ણિમાનો દિવસ ગુરુપૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા તરીકે ઊજવાય છે. ગુરુ-શિષ્ય પરંપરામાં આપણી ઋષિસંસ્કૃતિનું આ મહાપર્વ ગણાય છે. આધ્યાત્મિક જગતમાં શિષ્યો પોતાના સદ્‌ગુરુદેવના સાનિધ્યમાં આ પર્વને વિશેષરૂપે ઊજવે છે. વિક્રમ સંવત ૨૦૭૦માં, તા. ૧૨-૭-૨૦૧૪ ને શનિવારે ગુરુપૂર્ણિમા હતી. દરવર્ષની જેમ આ વર્ષે પણ પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના શિષ્યોએ-ભક્તોએ ઓમ્ પરિવારના ઉપક્રમે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનું આયોજન કરેલ. આ પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવની અવસ્થાના કારણે તબિયત નરમ હોવાથી ઉપસ્થિત સૌ કોઈને વિડિયો કોન્ફરસના માધ્યમ દ્વારા જે આશીર્વચનની કૃપા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરેલ છે.

પ.પૂ. સદ્‌ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત. વંદન-અભિનંદન-આશીષ.

ગુરુપૂર્ણિમા એ આપણા સૌ માટે, ગુરુભક્તો માટે વિશેષ આધ્યાત્મિક મહોત્સવનો દિવસ છે. તમે સૌ અમારા પ્રેમી છો અને અમને તમે ગુરુ માનો છો. અમે ઓમ્ નારાયણના પ્રેમી છીએ અને તે અમારા ગુરુદેવ છે. વળી, ઓમ્ નારાયણ પરમ ગુરુદેવ પરમાત્મા આપણા સર્વેના ગુરુદેવ છે, એટલું જ નહીં, પરંતુ તેઓ તો ભૂતકાળમાં થઈ ગયેલ, વર્તમાનકાળમાં હયાત અને ભવિષ્યકાળમાં થનાર એમ ત્રણેય કાળના ગુરુજનોના પણ ગુરુદેવ છે. તો આમ પરમગુરુદેવ પરમાત્માનાં ગુણગાન ગાઈ ગુરુપૂર્ણિમા મહોત્સવનો અમૂલ્ય લાભ લૂંટવા તમે સૌ પ્રેમ-શ્રદ્ધા-ભક્તિભાવપૂર્વક ખૂબ દૂરદૂરથી ઉપસ્થિત થયાં છો તે બદલ સર્વેને ખૂબખૂબ અભિનંદન. દરવખતની જેમ આ વખતની ગુરુપૂર્ણિમાની આમંત્રણપત્રિકા પણ કલ્યાણકામીઓ માટે - ગૃહસ્થાશ્રમીઓ માટે સ્વચ્છ, સુઘડ સમાજના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે. તેમાં આપેલ સર્વ લેખ ખૂબ જ ઉપયોગી છે. તેમાં આપેલ સર્વ લેખ ખૂબ જ સમજવાલાયક છે. સૌ કોઈને આમંત્રણ પત્રિકા મળી હશે. જો કોઈને પત્રિકા મળી ન હોય તો હૉલની બહારના ભાગમાં રાખવામાં આવેલ ઓમ્‌પરિવારના બુકસ્ટોલ ઉપરથી મેળવી લઈ, તેને ખૂબ જ સારી રીતે વાંચજો. તેની ઉપર ખૂબ જ ચિંતન-મનન કરી જીવનમાં ઉતારી કલ્યાણપથમાં આગળ વધી, આત્યંતિક સુખને પામવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરજો. આપણા દરેક કાર્યક્રમમાં આત્યંતિક સુખની વાત કરવામાં આવતી હોય છે. આત્યંતિક સુખ એટલે સનાતન - શાશ્વત સુખ કે જે ક્યારે પણ દુઃખમાં પરિણમતું નથી. આત્યંતિક સુખની પ્રાપ્તિ એટલે જ મોક્ષની પ્રાપ્તિ. મનુષ્યજન્મની સાર્થકતા ત્યારે જ થઈ કહેવાય કે, જ્યારે આપણે સનાતન-આત્યંતિક સુખની પ્રાપ્તિ માટે વિચાર-વાણી-વર્તનથી જીવનભર પ્રેમપૂર્વક સતત પ્રયત્ન કરીએ. આમ કરતાં જો આ જન્મે શાશ્વત સુખ-મોક્ષની પ્રાપ્તિ ન થાય તોપણ, એ તો નિશ્ચિત જ છે કે, કરેલ સત્કર્મોના પ્રતાપે આવતો જન્મ મનુષ્યનો જ પ્રાપ્ત થશે. આ પ્રાપ્તિ પણ ઘણી મોટી પ્રાપ્તિ છે. આપણે જીવનમાં ગમે તેટલાં ભૌતિક સુખ-સાહ્યબી-વૈભવ-સમૃદ્ધિ મેળવીએ પરંતુ તેથી કર્મના અટલ સિદ્ધાંત પ્રમાણે સત-અસત પ્રારબ્ધકર્મનાં ફળસ્વરૂપ સુખ અને દુઃખ અવશ્ય ભોગવવાં જ પડે છે. તેમાંથી કોઈ જ છોડાવી શકતું નથી. જીવનમાં સુખ ખૂબ જ અલ્પ માત્રામાં આવતું હોય છે, બાકી તો શારીરિક-માનસિક-આર્થિક એ કોઈને કોઈ રીતે દુઃખ જ ભોગવવાનું આવે છે. વળી, પ્રકૃતિના સતત પરિવર્તનશીલતાના નિયમ પ્રમાણે જન્મ-બચપણ-જુવાની-બુઢાપો-મૃત્યુરૂપી શરીરની આ અવસ્થામાંથી કોઈ જ બચી શકતું નથી - કોઈ જ બચાવી શકતું નથી, કેમકે શરીર, પ્રકૃતિનાં જ પાંચ તત્ત્વો, પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ-આકાશમાંથી બનેલું છે. તેથી તે કાયમ એક જ અવસ્થામાં રહેતું નથી. આપણને પરમાત્માની કૃપાથી સંચિત કર્મોનાં ફળસ્વરૂપ મનુષ્યજન્મ પ્રાપ્ત થયો. પરંતુ, તેની સાર્થકતા જેમાં રહેલી છે તે આત્યંતિક સુખ- મોક્ષની પ્રાપ્તિ માટે નિષ્ઠા અને પ્રેમપૂર્વક જીવનમાં સહેજ પણ પ્રયત્ન ન કર્યો. તેના બદલે જીવનમાં

બેફામ બની, વિવેક મર્યાદાને દૂર ફગાવી દઈને, ભ્રામક-ક્ષણભંગુર-અંતે દુઃખ જ આપતાં ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે આપણે આંધળી દોટ મૂકીએ અને મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરવાના તેના મુખ્ય ધ્યેય પ્રત્યે સંપૂર્ણ ઉપેક્ષિત રહીએ, તો તે આપણી કેવી કરુણા-અજ્ઞાનતા-મૂર્ખતા કહેવાય. કંચનના બદલે કાચ મેળવ્યો કહેવાય. તો પછી આપણો મનુષ્યજન્મ એળે ગયો જ સમજવાનો. પછીનો જન્મ કોણ જાણે કેવા કુટુંબમાં કે કઈ યોનીમાં પ્રાપ્ત થશે તેની આપણને ખબર નથી. ત્યાં કેટકેટલાં અને કેવાં દુઃખોની ભરમાર ભોગવવી પડશે તે પણ આપણે જાણતા નથી. તેથી આ જન્મે જ મોક્ષને પ્રાપ્ત કરવા સતત પુરુષાર્થ કરવો જરૂરી છે. તે માટે જીવનમાં સતત નિષ્કામ કર્મ પ્રેમપૂર્વક કરવાં જરૂરી છે. નિષ્કામ કર્મ એટલે બદલાની ભાવના વિના પરહિત માટે આચરવામાં આવતાં કર્મ. પરિણામે આપણી બુદ્ધિમાં શુદ્ધતા-સૂક્ષ્મતા-તીવ્રતા આવે છે. આપણામાં ઉદારતા અને ક્ષમાશીલતાના ગુણો ઊભરી આવે છે. આ બધા જ ગુણો - લક્ષણો મોક્ષ પ્રાપ્ત કરવા માટે ખૂબ જ ઉપયોગી છે - સહાયક છે. જગતમાં ત્યાગીઓની સંખ્યા ખૂબ અલ્પ હોય છે. મોટો વર્ગ ગૃહસ્થી - સંસારીજનોનો છે. તો ગૃહસ્થી - સંસારીજનોએ મોક્ષ પ્રાપ્ત કરવા કેવો પુરુષાર્થ કરવો તે સમજવું ઘણું જ જરૂરી છે. ગૃહસ્થીજનોના જીવનમાં વહેવાર અને પરમાર્થીરૂપી બે પાસાં હોય છે. વહેવાર કહેતાં સાંસારિક સબંધો અને તેમની સાથેના પરસ્પરના વહેવારો. પરમાર્થ કહેતાં મોક્ષ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ. ગૃહસ્થીજનોએ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પરિવારનો ત્યાગ કરવાની, જંગલમાં જવાની, દાઢી વધારવાની કે એવાં બીજાં કોઈ બાહ્ય લૌકિક આચરણની જરૂર નથી. તેણે ગૃહસ્થાશ્રમની પોતાની ફરજો પૂરેપૂરી બજાવવાની છે. તેની સાથે સાથે પરમાર્થ એટલે કે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષને પ્રાપ્ત કરવાના પુરુષાર્થમાં પણ નિષ્ઠાપૂર્વક લાગેલા રહેવાનું છે. આમ, વહેવાર અને પરમાર્થ-બેયનાં કાર્યો બરાબર નિભાવવાનાં છે. તો જ કરેલ પુરુષાર્થનાં સારાં ફળ પામી શકાય. પરંતુ, તે યાદ રાખવાનું છે કે, વહેવારધર્મ બજાવતાં બજાવતાં તેમાં જ એકમય થઈ જવાનું નથી. આમાં જો અસાવધ રહ્યા, તો જન્મ-મરણના ચકરાવામાં ચડવું પડશે. સાથે સાથે એ વાતનું સતત સ્મરણ રાખવાનું છે કે, જીવનમાં વહેવારધર્મ મુખ્ય નથી, પણ ગૌણ છે. મુખ્ય તો પરમાર્થ ધર્મ છે. વહેવાર તો પરમાર્થમાં આગળ વધવામાં સહાયક પરિબળ છે. આ સમજણ બરાબર પાકી કરી લેવાની છે. આમ, ગૃહસ્થજીવન સારી રીતે, સુખ-શાંતિપૂર્વક જીવી શકાય અને સાથે સાથે કલ્યાણ-પથમાં પણ સારી રીતે આગળ વધી શકાય તે માટે વહેવાર અને પરમાર્થધર્મ એકબીજાના સહાયક બની રહે તેવી કુશળતાપૂર્વક બંને ધર્મ બજાવવાના છે. શ્રીકૃષ્ણે આ વાત અર્જુનને સમજાવતાં કહ્યું છે કે —

"સંસારમાં સરખો રહે, એનું મનડું મારી પાસ;
શ્રીકૃષ્ણ અર્જુનને કહે, એને સમજું હું મારો દાસ."

આમ, સંસારવહેવારમાં અને મોક્ષપ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં-બંનેમાં બરોબર તલવારની ધાર ઉપર ચાલતા હોઈએ તેટલી સાવધાનીપૂર્વક રહેવાનું છે. પરમાર્થને સાધવા માટે જીવનમાં સતત નિષ્કામ સત્કર્મો કરતા જ રહેવાનું છે. એ બાબતમાં બરોબર તત્પર રહેવાનું કે જેવો સત્કર્મ કરવાનો વિચાર આવે કે તરત જ, તેનો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, અમલ કરી દેવાનો. તેનો અમલ કાલે કરીશું એમ માની, આવેલ વિચારને સહેજ પણ પાછો ઠેલવાનો નહીં. કેમકે, એક પળ પછી શું થશે તેની પણ આપણને કશી ખબર નથી. આપણે જે શ્વાસ બહાર કાઢ્યો તે પાછો લઈ શકીશું કે કેમ તેની પણ આપણને ખબર નથી, તો પછીની કે કાલની તો ખબર ન જ હોય તે સ્વાભાવિક છે. વળી, આપણને જે સત્કર્મ કરવાનો વિચાર સ્ફુર્યો અને જો તેનો તત્કાલ અમલ કરીએ નહીં તો એવું પણ બને કે કોઈ પણ કારણસર તે સદ્‌વિચારને અમલમાં મૂકી ન શકાય. પરિણામે, આપણે કલ્યાણપથમાં આગળ વધી મોક્ષપ્રાપ્તિ માટે સત્કર્મોરૂપી ભાથું બાંધવામાં પાછા પડીએ. કલ્યાણપથમાં આગળ વધવાની આપણી ગતિમાં મંદતા આવે. તેથી સત્કર્મ કરવાના વિચારની જેવી સ્ફુરણા થાય કે તરત જ તેનો અમલ કરી દેવો જોઈએ. આ વાતને સમજાવતાં અનુભવીઓએ કહ્યું છે કે —

"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલ પલ બીતા જાત હૈ, ફીર કરેગા કબ."

માટે જ સત્કર્મો કરવાનો વિચાર આવે કે તરત જ તેને આચરણમાં મૂકી દેવો જોઈએ. વળી, આ વાતને શરીરની અવસ્થા બચપણ-જુવાની અને બુઢાપાના સંદર્ભમાં વિચારીએ તો પરમાર્થ માટેનો પુરુષાર્થ વધુ સારી રીતે જુવાનીમાં જ કરી શકાશે. કેમકે, જુવાનીમાં શારીરિક તંદુરસ્તી સારી હોય છે.

તેથી કાર્ય વધુ સારી રીતે ઉત્સાહપૂર્વક થઈ શકશે. પણ, એમ વિચારીએ કે અત્યારે તો મારી જુવાની છે, મોજમસ્તીની ઉંમર છે; ભક્તિ-સાધન-ભજન તો ઘડપણમાં કરવાનાં હોય અત્યારે નહીં; તો તે આપણી અજ્ઞાનતા છે. કેમકે, ઘડપણમાં તો શરીરની સ્થિતિ કેવી હોય છે ?

"ઉંબરા તો ડુંગરા થયા, પાધર થયા પરદેશ."

ઘરનો ઉંબરો ઓળંગવો હોય તો મોટો ડુંગર ઓળંગવા જેવું વસમું લાગે છે અને શેરીના નાકે જવું હોય તો પરદેશ જતા હોઈએ તેવું દૂર તથા કપરું લાગે છે. આવી પરવશ દશા શરીરની હોય છે. જો આપણે આપણી જાતનું જ કાંઈ કરી શકતા ન હોઈએ, તો પછી મોક્ષને પામવાનો પુરુષાર્થ તો થઈ શકે જ નહીં તે સ્વાભાવિક છે. એ વખતે આપણી સ્થિતિ કેવી હોય છે ? એક પગ સ્મશાનમાં અને એક પગ ઘરમાં એવી હોય છે. ઘરના ખૂણામાં, ખાટલામાં પરવશતા-વશ લાચારીભર્યું જીવન જીવતા હોઈએ છીએ. તેથી જુવાનીમાં જ આત્યંતિક સુખરૂપી મોક્ષને પામવાના પુરુષાર્થમાં બરાબર લાગી જવું જોઈએ. પરંતુ, જો આપણે આપણી અણસમજણને પરિણામે ખોટા માર્ગે ચડી જઈને, ભૌતિક ભોગોમાં જ-ભ્રામક-ક્ષણભંગુર-મૃગજળ સમાન સુખોને શોધતા રહીએ અને તે માટે આંધળી દોટ લગાવીએ, તો પરિણામે સુખ તો પ્રાપ્ત થતું નથી, પરંતુ દુઃખ જ મળે છે.

જેમ જંગલમાં એક તરસ્યો મૃગલો પાણીની શોધમાં ફરે છે, ત્યારે સૂર્યના તાપમાં તેને દૂર પાણી દેખાય છે. તેથી તે પોતાની તરસ છિપાવવા તે તરફ દોટ મૂકે છે. મૃગ જેમ જેમ પાણીની આશાએ તેને દેખાતા પાણી તરફ દોડે છે, તેમ તેમ પાણી દૂર ને દૂર જતું હોય છે. પણ, મૃગ તો તે તરફ દોડતો જ રહે છે. મૃગને ખબર નથી કે, તે ખરેખર પાણી નથી, પરંતુ માત્ર એક ભ્રમ છે. અંતે એક સમય એવો આવે છે કે તે હાંફી-હારી પછડાઈ પડે છે અને મરણને શરણ થાય છે, પણ તેને પાણી હાથ લાગતું નથી. આપણે પણ જો જંગલમાંના તરસ્યા મૃગની અજ્ઞાનતા જેવા મૃગજળ સમાન આભાસી-ભ્રામક સુખો કે જે ખરેખર સુખો નહીં પરંતુ અંતે દુઃખદાયક જ હોય છે તેને પ્રાપ્ત કરવા માટે ભૌતિક ભોગ-વાસનાઓમાં બેફામ બની જીવનભર આંધળી દોટ લગાવતા રહી, તેમાં આવા સુખને શોધવાની-પામવાની લાલસામાં અણમોલ મનુષ્યજન્મ વેડફી મારીએ છીએ. એ પણ ભાન રહેતું નથી કે લાચારી-પરવશતાભર્યું ઘડપણ ક્યારે આવી ગયું. આવી દારુણ અવદશા આપણી થાય છે ત્યારે, આપણી ભૂલનો આપણને અહેસાસ થાય છે. આવાં મૃગજળ સમાન સુખો પ્રત્યેનો આપણો મોહભંગ થાય છે. આપણને પારાવાર પસ્તાવો થાય છે. પરંતુ, સાચા માર્ગે પાછા વળવામાં બહુ જ મોડું થઈ ગયું હોય છે. તે માટે હવે આપણા હાથમાં વાત રહેતી નથી. અંતે મૃત્યુને શરણ થઈ પાછા જન્મ-મરણના ચકરાવે ચડવું પડે છે. અનંત દુઃખો - યાતનાઓ ભોગવવાં પડે છે. આવી સ્થિતિ આપણી ન થાય તે માટે નીચે મુજબની સમજણ આપણામાં પાકી થઈ જવી જોઈએ —

"ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા,
તપો ન તપ્તમ્ વયમેવ તપ્તા ।
કાલો ન યાતો વયમેવ યાતા
તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥

ભર્તુહરિએ આ શ્લોક દ્વારા શું સમજાવવાનો પ્રયત્ન કર્યો છે ? તેમણે કહ્યું છે કે —

આજ સુધી હું એમ માનતો હતો કે, ભોગોને હું ભોગવી રહ્યો છું, પરંતુ ભોગોએ મને ભોગવી નાખ્યો - વૃદ્ધ કરી નાખ્યો. આજ સુધી મને એમ હતું કે, કાળવહન થઈ રહ્યું છે, પરંતુ જ્યારે મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું, ત્યારે ખબર પડી કે કાળ નહીં, પરંતુ હું વ્યતીત થઈ ગયો. મારી એવી માન્યતા હતી કે, સતત વિષયો ભોગવી ભોગવીને તૃષ્ણા જીર્ણ થઈ જશે. પણ, હવે ખબર પડી કે વિષયો ભોગવી ભોગવીને તૃષ્ણા નહીં, પણ હું પોતે જ જીર્ણ થઈ ગયો.

જગતના ભૌતિક ભોગો - વાસનાઓમાંથી ઉપરામ થવામાં, તે પ્રત્યે આપણામાં જાગેલા વૈરાગ્યને દઢ કરવા માટે મહાભારતમાં એક શ્લોક આપેલો છે, જે નીચે મુજબ છે —

"ન જાતુ કામઃ કામાનામ્ ઉપભોગે ન શામ્યતિ ।
હવિષા કૃષ્ણવર્ત્મૈવ ભૂય એવાભિવર્ધતે ॥"

શું કહ્યું છે ? જેમ જેમ અગ્નિમાં ઘીની આહુતિ પડે છે, તેમ તેમ અગ્નિ વધતો જ જાય છે. અગ્નિને શાંત કરવા આહુતિ આપવી બંધ કરવી પડે છે. તેવી રીતે, જેમ જેમ વિષયોને ભોગવીએ, તેમ તેમ વિષયોની તૃષ્ણા વધતી જ જાય છે. વિષયોના ત્યાગથી તૃષ્ણારહિત થવાય છે.

કલ્યાણપથમાં આગળ વધી આત્યંતિક સુખરૂપી મોક્ષને પામવાના પુરુષાર્થમાં સહાયતા માટે આ બંને શ્લોક ખૂબ જ ઉપયોગી છે. સૌએ તેને કંઠસ્થ કરી લેવા જોઈએ,

જેથી આપણે અકલ્યાણમાર્ગમાં જતા અટકી જઈએ, વિકારો સામે ઝઝૂમી શકીએ. બાકી તો જીવનમાં તૃષ્ણા-એષણાનો જન્મથી મૃત્યુ સુધી અંત આવતો જ નથી. એક પૂરી થતાં તરત જ બીજાની ઇચ્છા થાય છે. એનું ચક્કર ચાલ્યા જ કરે છે. જેમ કે, અત્યાર સુધી પગે ચાલતા હતા તેથી થતું હતું કે, સાયકલ આવે તો સારું. સાયકલ આવતાં સ્કૂટરની ઇચ્છા થાય છે. સ્કૂટર આવે તો મોટરની ઇચ્છા થાય છે. મોટર આવે તો હેલિકૉપ્ટરની ઇચ્છા થાય છે. આમ, જીવનભર તૃષ્ણાઓનો - ઇચ્છાઓનો કદી પણ અંત આવતો જ નથી. આ ઇચ્છાઓને સંતોષવા જીવનભર ઘાણીના બળદની જેમ દોડ્યા જ કરીએ છીએ. એમને એમ ઘડપણ આવી જાય છે. લાચાર અને પરવશ થઈ ઘરના ખૂણામાં, પથારીમાં પડી રહીએ છીએ, તેમ છતાં પણ તૃષ્ણા છૂટતી નથી. આમ જેનો કદી પણ અંત આવતો નથી તેવી અનંત એષણા-તૃષ્ણામાં જ ભ્રામક આભાસી સુખને-શોધતા રહીએ છીએ. એ કલ્પેલ સુખ અંતે દુઃખદાયક જ હોય છે. અંતે મૃત્યુને શરણ થઈએ છીએ. આ માટે નીચેનું ઉદાહરણ સમજવા જેવું છે.

એક ભૂખ્યો કૂતરો ખોરાકની શોધમાં રખડતો હતો. ત્યારે તેને એક સૂકું હાડકું મળે છે. તે તો ખુશ થઈ હાડકું મોંમાં લઈ જોરથી ચાવવા લાગે છે. તેથી હાડકું તેના પેઢામાં વાગે છે. તેથી તેના પેઢામાંથી લોહી નીકળવા લાગ્યું. લોહીનો ખારો સ્વાદ આવતાં તે ખુશ થયો કે હાડકામાંથી આ આવી રહ્યું છે. તેથી તે હાડકું વધુ ને વધુ જોરથી ચાવવા લાગ્યો. જેમ જેમ તે હાડકું ચાવતો ગયો, તેમ તેમ તેના પેઢામાંથી વધુ ને વધુ લોહી નીકળવા લાગ્યું. આમ ને આમ એક સમય એવો આવ્યો કે એટલું બધું લોહી તેના શરીરમાંથી નીકળી ગયું કે તે તમ્મર ખાઈને ઢળી પડ્યો અને મૃત્યુને શરણ થઈ ગયો ત્યારે તેના મોંમાથી હાડકું છૂટ્યું.

આવી જ રીતે ભ્રામક સુખની ભ્રમણા વિષય-ભોગોમાં, એષણા-તૃષ્ણામાં રહેલી છે. હકીકતે આ બધામાં સાચું સુખ છે જ નહીં. ખરું સુખ તો પોતાની અંદર જ રહેલું છે. સાચું સુખ ઇન્દ્રિયોના બહિર્પણામાં નહીં, પરંતુ અંતઃપણામાં છે. ગુરુજનો આ વાત આપણને સતત સમજાવતા હોય છે. તેને અમલમાં કેવી રીતે અને કેટલી મૂકવી તે આપણા ઉપર અવલંબે છે. આમ, મનુષ્યજન્મ સાર્થક કરવા; મોક્ષ પ્રાપ્ત કરવાની આવી તાત્ત્વિક વાતો આપણે આપણા સત્સંગના કાર્યક્રમોમાં અવાનનવાર કરતા હોઈએ છીએ. એથી સંસાર-વહેવારની ભાગદોડમાં તે ભૂલી ન જવાય, સતત તાજી થતી રહે અને આપણા મોક્ષ માટેના પુરુષાર્થમાં ઢીલાશ આવે નહીં. તો આજે ગુરુપૂર્ણિમાંએ ખૂબ જ તાત્ત્વિક સત્સંગ થયો. પરમકૃપાળુ પરમાત્મા કૃપા કરી આવા તાત્ત્વિક વિચારોની અમને પ્રેરણા કરે છે, જે અમે તમને આપીએ છીએ. તમે તે બીજાને આપી સત્કર્મ કરી મનુષ્યજીવન સાર્થક કરજો. પરમાત્માને પ્રાર્થના કરીએ કે, સૌ આત્યંતિક સુખને પામવા ખૂબખૂબ પુરુષાર્થ કરી શકે તેવી સૌને શક્તિ-મતિ આપજો.

સર્વેને ફરી ફરી ખૂબખૂબ શુભાશિષ-વંદન-અભિનંદન-જયનારાયણ.

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

શ્રાવણમાસની ધૂનની પૂર્ણાહુતિ નિમિત્તે

તા. ૨૬-૮-૨૦૧૪ **સંકલન - શશિકાંત પટેલ**

વિક્રમ સંવત ૨૦૭૦ના આખા શ્રાવણ માસ દરમિયાન ઓમ્‌પરિવારના ઉપક્રમે મણિનગર મુકામે તથા ઘાટલોડિયા, ટ્રસ્ટની ઑફિસે "ઓમ્ નમઃ શિવાય ઓમ્" મંત્રની ધૂનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. મણિનગર મુકામે શ્રી નૈષધભાઈ વ્યાસના નિવાસસ્થાને, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ સ્કૂલની સામે, શ્રાવણમાસના દર સોમવારે રાત્રે આઠથી નવ ધૂન રાખવામાં આવેલ તથા ટ્રસ્ટની ઑફિસે રવિકુંજ એપાર્ટમેન્ટ, ઘાટલોડિયા મુકામે શ્રાવણ માસ દરમ્યાન દરરોજ રાત્રે નવથી દશ ધૂન રાખવામાં આવેલ. મણિનગરમાં પૂર્ણાહૂતિ તા. ૨૫-૮-૨૦૧૪ને સોમવતી અમાસના દિવસે રાખવામાં આવેલ. તે નિમિત્તે રાત્રે આઠથી નવ ધૂન; પછી સ્વાધ્યાય અને પછી ટેલિફોન દ્વારા પ.પૂ. સદ્‌ગુરુદેવનાં આશીર્વચનોનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા ટ્રસ્ટની ઓફિસે તા. ૨૫-૮-૨૦૧૪ને સોમવતી અમાસના રોજ રાત્રે

દસથી તા. ૨૬-૮-૨૦૧૪ને મંગળવારે સવારે આઠ વાગ્યા સુધી અખંડ (દસ કલાક) ધૂનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. પછી સ્વાધ્યાય અને ત્યારબાદ ટેલિફોન દ્વારા પ.પૂ. સદ્‌ગુરુદેવનાં આશીર્વચનનો કાર્યક્રમ રાખવામાં આવેલો. આમ, આ બંને કાર્યક્રમની પૂર્ણાહુતિ નિમિત્તે પ.પૂ. સદ્‌ગુરુદેવે ટેલિફોન દ્વારા આપેલ આશીર્વચનોને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવેલ છે.

પ.પૂ. સદ્‌ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન.

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત. - વંદન-અભિનંદન-આશીષ.

આખા શ્રાવણ માસ દરમિયાન ખૂબ જ સુંદર રીતે ધૂનનો કાર્યક્રમ સંપન્ન થયો. તમે સૌએ ખૂબ જ આનંદ-ઉત્સાહ-પ્રેમ-ભક્તિભાવપૂર્વક તેનો લાભ લીધો તે માટે સૌને ધન્યવાદ છે. કલ્યાણકામીઓ આવી તકની ચાતકનજરે રાહ જ જોતા હોય છે. આવી તક મળે તો તરત જ ઝડપી લે છે. તમે સૌ પણ કલ્યાણપથના પથિક જ છો, તેથી આખો મહિનો ધૂનમાં ઉપસ્થિત રહી મંત્રજાપનો ખૂબ જ સાત્ત્વિક લાભ લીધો. આખા શ્રાવણ મહિનામાં "ઓમ્ નમઃ શિવાય ઓમ્" મંત્રના ખૂબ જ જાપ થયા. મંત્ર ત્રણ પ્રકારના હોય છે : (૧) **કામમંત્રઃ** આ પ્રકારના મંત્રજાપ કરવાથી આપણી ભૌતિક કામનાઓ - ઇચ્છાઓની પૂર્તિ ભલે થતી હોય, પણ તેને આપણા કલ્યાણ કે અકલ્યાણ થવા સાથે કોઈ નિસ્બત હોતી નથી. (૨) **કામ-કલ્યાણમંત્ર :** આવા મંત્રજાપથી આપણી કામનાઓ ઇચ્છાઓની પૂર્તિ તો થાય છે, સાથે સાથે આપણને કલ્યાણમાર્ગમાં આગળ વધારે છે. (૩) **કલ્યાણમંત્રઃ** આવા મંત્રજાપથી આપણું કલ્યાણ જરૂર થાય છે, પરંતુ તેનાથી આપણી કામનાઓ-ઇચ્છાઓ પૂર્ણ થશે જ એવું કાંઈ નક્કી હોતું નથી. આ પ્રકારના મંત્રજાપથી આપણી અકલ્યાણકારી કામનાઓ ક્યારે પણ પૂરી થતી નથી. કલ્યાણની પ્રાપ્તિ એટલે મોક્ષની પ્રાપ્તિ એમ સમજવાનું છે. ગાયત્રી મંત્ર કામ-કલ્યાણ મંત્ર છે. પ્રણવ (ઓમ્) મંત્ર કલ્યાણમંત્ર છે. તે સિવાયના બીજા તમામ મંત્રો કામમંત્રના પ્રકારમાં ગણી શકાય. આ બધી વાતો આપણા 'મંત્રવિજ્ઞાન અને ધ્યાન' પુસ્તકમાં ખૂબ જ તાત્ત્વિક અને સરલ રીતે સમજાવવામાં આવી છે. તમે સૌએ આખા શ્રાવણમાસમાં ધૂનનો ખૂબખૂબ લાભ લઈ કલ્યાણપથમાં આગળ વધવા માટે ખૂબખૂબ ભાથું બાંધ્યું.

શ્રાવણ મહિનો તો શ્રવણનો-સાંભળવાનો મહિનો. આખા મહિના દરમ્યાન સારા-સાત્ત્વિક-કલ્યાણકારી સત્સંગને સાંભળવાનો મહિનો, ભજન-કીર્તન-ધૂન કરવાનો મહિનો. બાકીના અગિયાર મહિના સંસાર-વહેવારની ભાગદોડમાં રહેતા હોવાથી આવાં સાત્ત્વિક-કલ્યાણકારી કાર્યો કરવાનો-શ્રવણ કરવાનો પૂરતો અવકાશ મળતો હોતો નથી. તેથી શ્રાવણ મહિનામાં સમયનો અવકાશ આવાં કાર્યો માટે કાઢી, બાકીના અગિયાર મહિના તેને વાગોળી, એટલે કે ચિંતન-મનન કરી, જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરી, કલ્યાણપથમાં આગળ વધવાનો સનિષ્ઠ પ્રયત્ન કરવાનો છે. તે માટે થઈને જ શ્રાવણ મહિનામાં આવા સાત્ત્વિક કાર્યક્રમોનું આયોજન વિશેષરૂપે કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં સારી રીતે ઉપસ્થિત રહી તેનો લાભ લેવા માટે સમયનો પૂરતો અવકાશ મળે તે માટે થઈને એક ટાણાં કરવામાં આવે છે. એથી બે વખત રસોઈ બનાવવાની કડાકૂટ રહે નહીં, તેમાં સમય જાય નહીં. વળી, શ્રાવણ મહિનામાં એક ટાણાં કરવા માટે બીજું મુખ્ય કારણ એ છે કે, શ્રાવણ મહિનો ચોમાસાની ઋતુમાં આવે છે. આમ, શ્રાવણ મહિના દરમ્યાન વરસાદ આવતો હોય છે. મોટાભાગે આકાશ કાળાં વાદળથી છવાયેલું રહેતું હોય છે, તેથી સૂર્ય વાદળથી ઢંકાયેલો હોય છે. તેથી સૂર્યમાંથી આપણને સતત મળતી પ્રાણશક્તિ કે જે આપણી પાચનશક્તિ સાથે સીધો સબંધ ધરાવે છે તે પૂરતા પ્રમાણમાં આપણને મળતી નથી, તેથી ખોરાકનું પાચન બરાબર થતું નથી. તેથી જો જમવામાં વિવેકમર્યાદા ન રાખીએ, તો અનેક જાતની પેટની તકલીફો ઊભી થાય છે. આપણું આરોગ્ય કથળે છે. શરીરમાં આળસ વધી જાય છે. તેથી જો શ્રાવણ મહિનામાં એક ટાણાં કરીએ અને સાદું સુપાચ્ય ભોજન જમીએ તો ઓછી મળતી પ્રાણશક્તિમાં પણ ભોજનનું પાચન બરાબર થાય. પરિણામે તંદુરસ્તી સારી રહે અને સત્સંગ-ભજન સારી રીતે કરી કલ્યાણપથમાં આગળ વધી શકીએ. આ ઉપરાંત બાકીના અગિયાર મહિના સુધી આપણે વિવેક-મર્યાદા ચૂકીને સ્વાદ માટે થઈને પચવામાં ભારે અને બીજાં આરોગ્યપ્રદ ભોજન જમ્યા હોઈએ તેથી આપણું આરોગ્ય કથળ્યું હોય, તો શ્રાવણ મહિનામાં સાદું-સુપાચ્ય ભોજન જમી કરવામાં આવતાં એક ટાણાંને લીધે અયોગ્ય ભોજન જમવામાંથી મુક્તિ મળે છે.

આપણું આરોગ્ય બરાબર થઈ જાય છે. જે પાછું આવતાં અગિયાર મહિના બરાબર ચાલે છે. વળી, શ્રાવણ માસમાં આપણા અનેક ધાર્મિક-સામાજિક તહેવારો આવે છે. જેમ કે, રક્ષાબંધન. તે દિવસે બહેન ભાઈને રાખડી બાંધી ભાઈની શુભ કામના માટે પરમાત્માને પ્રાર્થના કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ અમારે ઘણી રાખડીઓ આવી હતી. તેમાં એક રાખડીની સાથે જીવનમાં ઉપયોગી લખાણ પણ આવે છે. અને તેમાં માગણી હોય છે કે તેના જવાબમાં અમે કલ્યાણકારી-સાત્ત્વિક લખાણ અમારા હાથે લખીને મોકલીએ. આ વખતે અમે તેમને જે લખાણ મોકલ્યું તે નીચે મુજબ છે. ઘણું જ સમજવાલાયક અને જીવનમાં ઉતારવા જેવું છે.

(૧)

"એક લોહા પૂજામેં રાખત, એક બધીક ઘર પરો
યહ દુવિધા પારસ નહીં જાનત, કંચન કરત ખરો."

એક લોખંડના ટુકડામાંથી ભગવાનની મૂર્તિ બને છે, જેની મંદિરમાં સ્થાપના કરવામાં આવે છે. લોકો તેની પૂજા કરી આરતી ઉતારે છે અને સાત્ત્વિક શાંતિનો અનુભવ કરે છે. જ્યારે લોખંડનો બીજો ટુકડો શિકારીના બાણની આગળનો તીક્ષ્ણ ભાગ બને છે. જેના દ્વારા શિકારી પોતાના અંગત સ્વાર્થ ખાતર નિર્દોષ પશુપક્ષીનો સંહાર કરે છે. છે તો બેય લોખંડના ટુકડા, પરંતુ એકમાંથી લોકોને સાત્ત્વિક સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે, જ્યારે બીજા દ્વારા નિર્દોષનો જીવ જાય છે. પારસમણિ આ બંને વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ રાખતો નથી. તે તો આ બેયને પોતાના સંપર્કમાં આવતાં સોનું બનાવી જ દે છે. આ રીતે જગતમાં સજ્જન અને દુર્જન બે પ્રકારના લોકો હોય છે. પરમાત્માની કૃપાથી જ્યારે આવા સજ્જન અને દુર્જન લોકો સદ્‌ગુરુના સંપર્કમાં આવે છે ત્યારે સદ્‌ગુરુ આવા સજ્જન અને દુર્જન વચ્ચે ભેદભાવ રાખતા નથી. પરંતુ, તેઓ તો બંનેનું કલ્યાણ જ કરે છે. વળી, પારસમણિ તો તેના સંપર્કમાં આવતા લોઢાને સોનું જ બનાવે છે, તેને પારસમણિ બનાવી દેતો નથી. પરંતુ, સદ્‌ગુરુ તો પોતાના સંપર્કમાં આવતા સૌને ગુરુ બનાવી દે છે. ગુરુ બનાવે છે એનો અર્થ સાચી-કલ્યાણકારી સમજણમાં ગુરુ બનાવી દે છે એમ સમજવાનો છે.

(૨)

"કનક કનક તે સૌ ગુના, માદકતા અધિકાઈ;
એક પાયે બહુ રાત હૈ, એક પાયે બહુ રાઈ."

અહીં 'કનક' શબ્દ બે અર્થમાં વાપરવામાં આવ્યો છે. એક અર્થ થાય છે : ધતૂરો, અને બીજો અર્થ થાય છે સોનું. માણસને ધતૂરાનો અને સોનાનો-બેયનો નશો ચડે છે. પરંતુ ધતૂરાનો નશો તો તેનું સેવન કરે તો જ ચડે છે. વળી, તે નશો અમુક મર્યાદિત સમય પૂરતો જ રહે છે. તેની અસર જતી રહેતાં નશો ઊતરી જાય છે. જ્યારે સોનાનો નશો કેવો છે ? તે તો પ્રાપ્ત થવા માત્રથી જ નશો ચડે છે. આ નશો ધતૂરાના નશા કરતાં પણ ઘણો વધુ હોય છે. વળી, સોનાનો નશો કદી ઊતરતો જ નથી. તે તો રાત-દિવસ વધતો જ રહે છે. આ વાતને આપણે તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરવાનો છે. અહીં સોનું એટલે સુખ-સમૃદ્ધિ-વૈભવ અને નશો એટલે અહંકાર-અભિમાન એમ સમજવાનું છે. અજ્ઞાની લોકોની પાસે સુખ-સમૃદ્ધિ-વૈભવ પ્રાથમિક જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં આવતાં તેઓ પોતાને સમર્થ માનવા લાગે છે. તેમનામાં અહંકારભાવ ખૂબ જ વધી જાય છે અને બીજાને તુચ્છકારે છે. આમ, આવા લોકોના માટે વૈભવ અધોગતિ તરફ લઈ જનાર થાય છે, તેમનું અધઃપતન થાય છે. જ્યારે જ્ઞાની-કલ્યાણકામી લોકો આ સમૃદ્ધિનો સદ્‌ઉપયોગ કરી લોક કલ્યાણનાં નિષ્કામ સત્કાર્યોમાં છૂટથી વાપરે છે. આમ કરી તેઓ કલ્યાણપથમાં આગળ વધે છે.

(૩)

"કૌન બડાઈ ચઢે શૃંગ પર, અપના એક બોઝ લે કર;
કૌન બડાઈ પાર ગયે યદી, અપની એક નૌકા ખે કર.
સુધા-ગરસ વાલી હૈ યહ ધરતી, ઉસકો શીશ ઝુકાતી હૈ;
ખુદ ભી ચઢે સાથ લે, ઝૂક કર, ગીરતો કો બાંહે દે કર."

શું કહ્યું છે ? પોતે એકલા જ ચડીને પર્વતની ટોચ ઉપર પહોંચી ગયા કે નૌકામાં પોતે એકલા જ બેસીને સામે કિનારે પહોંચી ગયા તેમાં કોઈ જ મોટાઈ કે ગર્વ લેવા જેવી વાત નથી. અમૃત અને ઝેરથી ભરેલી ધરતી તેને મસ્તક નમાવે છે કે જે લોકો, પડી રહ્યા છે, એવા લોકોનો હાથ, નમીને પકડી પોતાની સાથે ઉપર ચડાવે છે. આ તો થયો શબ્દાર્થ. પરંતુ, તેની અંદર રહેલા તત્ત્વજ્ઞાનને સમજવાનું છે. યોગ્ય પુરુષાર્થના સહારે પોતે એકલા જ કલ્યાણપક્ષને, અર્થાત્ મોક્ષને પામ્યા તે સારી વાત છે. પરંતુ, તે ગર્વ લેવા જેવી વાત નથી. પરંતુ, સજ્જન અને દુર્જન બેય પ્રકારના લોકો આ જગત-સમાજમાં વસી રહ્યા છે. આવું જગત-સમાજ તેને જ મસ્તક

નમાવે છે. તેની જ પૂજા કરે છે કે જે પોતાનું તો કલ્યાણ કરે છે, પરંતુ ત્યાં તે અટકી જતા નથી. પરંતુ જે લોકો અજ્ઞાનતાવશ અકલ્યાણના માર્ગે ચડી ગયા છે તેવા લોકોને પણ અકલ્યાણરૂપી અધઃપતનના માર્ગેથી વિનમ્રતા અને પ્રેમપૂર્વક પાછા વાળી કલ્યાણ માર્ગે ચડાવે છે - પાછા વાળે છે. એટલે કે માત્ર પોતાનું એકલાનું જ કલ્યાણ થાય એમ નહીં; પરંતુ જીવ-જગતમાં સર્વેનું કલ્યાણ થાય તે માટે અહંકારરહિત, વિનમ્રતાપૂર્વક સતત પ્રયત્ન કરતા હોય છે. આમ, એકાંગી નહીં, પરંતુ સર્વાંગી કલ્યાણનો પ્રયત્ન કરતા હોય છે. આ જ વાતને આપણે પ્રસાદીમાં આપવામાં આવતા આપણા સ્ટીકરમાં નીચે મુજબ કરી છે.

"પરમ્ ગુરુ પરમાત્માની પ્રાપ્તિ તારું લક્ષ્ય પરમ
પ્રગટાવ પ્રભુ જીવમાત્રમાં એ જ તારો ધર્મ ચરમ".

આજે શ્રાવણમાસ દરમિયાન રાખવામાં આવેલ ધૂનના કાર્યક્રમની પૂર્ણાહુતિ નિમિત્તે મોક્ષપ્રાપ્તિમાં સહાયક ખૂબ જ ઉત્તમ પ્રેરક વાતો પરમાત્માની કૃપાથી થઈ. તેને બરાબર યાદ રાખી જીવનમાં યથાયોગ્ય રીતે ઉતારવાનો પ્રયત્ન કરવો અતિજરૂરી છે. શ્રાવણ મહિનામાં જે કલ્યાણકારી સાત્ત્વિક પ્રાપ્ત કર્યું તેની ઉપર બાકીના અગિયાર મહિના ખૂબ જ ચિંતન-મનન કરી જીવનમાં નિષ્ઠાપૂર્વક ઉતારી સૌ કલ્યાણમાર્ગમાં આગળ વધો તેવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

અંતમાં સર્વેને ખૂબખૂબ આશીર્વાદ - શુભેચ્છા.
સર્વેને જયનારાયણ - જય ઓમ્ ગુરુદેવ.
સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

પ્રતિરક્ષા

(૧)

શી વડાઈ ચડ્યા પર્વત, પોતાનો જ ભાર લઈને;
શી વડાઈ પાર ગયા. જો પોતાની જ નૌકા લઈને;
વિષ-અમૃત-ભરી આ ધરતી, તેને જ શીશ ઝુકાવે છે-
પોતે પણ ચડે છે, ને વાંકા વળી સાથે લે છે પડતાને હાથ દઈને.

(૨)

ધતૂરા કરતાં સોનાની માદકતા સોગણી વધારે છે.
ધતૂરો તો ખાવાથી નશો ચડે છે, પણ સોનું તો મળવા-
માત્રથી નશો ચડે છે, ચડાવી દે છે.

(૩)

ભગવાનની મૂર્તિરૂપે રહેલો પૂજાતો લોઢાનો ટુકડો, અને
બીજો શિકારીના બાણરૂપે રહેલો શિકાર કરતો લોઢાનો ટુકડો-
એ બંનેનો તફાવત પારસમણિ નથી રાખતો, નથી જોતો,
એ તો બંનેને સોનાનાં બનાવી જ દે છે.

(હિંદીનો અનુવાદ)

- યોગભિક્ષુના, જય ઓમ્ગુરુદેવ

નિવૃત્તિ મળી, દિવ્ય પ્રવૃત્તિ માટે

૧. નિવૃત્ત થયા, પ્રવૃત્ત થવા માટે.
૨. સ્વાર્થમાંથી નિવૃત્ત થયા, પરમાર્થમાં પ્રવૃત્ત થવા માટે.
૩. સ્થૂળ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થયા, સૂક્ષ્મ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા માટે.
૪. ક્ષણભંગુર સુખની પ્રાપ્તિની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થયા, આત્યંતિક સુખની - મોક્ષસુખની પ્રાપ્તિની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા માટે.
૫. ઈન્દ્રિયગોચર પ્રવૃત્તિમાં રમમાણ થવામાંથી નિવૃત્ત થયા, ઈન્દ્રિયઅગોચર પ્રવૃત્તિમાં રમમાણ થવા-પ્રવૃત્ત થવા માટે.

સુખ માટે જીવનભર અનંત સગવડો ભોગવી, પણ સંતોષપૂર્વકનું સુખ પ્રાપ્ત ન થયું. તેથી એ નિશ્ચય પર આવી શકાયું કે, "સુખ કાંઈક બીજું જ છે - સુખ ક્યાંક બીજે જ છે." મુનિ પતંજલિએ કહ્યું છે કે -

॥ સંતોષાત્ અનુત્તમ સુખલાભઃ ॥

ભાવાર્થ : સંતોષથી બીજું કોઈ ઉત્તમ સુખ નથી.
મંડળની રજતજયંતીની ઉજવણી સફળ થજો, સાર્થક થજો તેવી શુભેચ્છા. સૌને વંદન-અભિનંદન-આશિષ

- યોગભિક્ષુ

જો ખર્ચને કાબૂમાં રાખીને જીવીએ તો જીવનમાં ક્યારેય અપ્રમાણિકતા પૂર્વકનો પૈસૌ ઘરમાં લાવવો નહીં પડે.

તા. ૨૮-૯-૨૦૧૪

આધ્યાત્મિક ક્રાંતિકારી ગરબા (નવરાત્રિ નિમિત્તે)

સંકલન : શશિકાન્ત પટેલ

દરવર્ષની જેમ આ વર્ષે તા. ૨૮-૯-૨૦૧૪ને રવિવારે રાત્રે આઠથી અગિયાર ઓમ્‌પરિવારના ઉપક્રમે નવરાત્રિપર્વ નિમિત્તે પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજ રચિત આધ્યાત્મિક ક્રાંતિકારી ગરબાનું સુંદર આયોજન મણિનગર મુકામે કરવામાં આવેલું. આ પ્રસંગે પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજે ઉપસ્થિત સૌને ટેલિફોનના માધ્યમથી આશીર્વચનની અમીકૃપા વરસાવી. તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

ઉપસ્થિત સર્વેનું સ્વાગત.-વંદન-અભિનંદન-આશિષ.

દરવર્ષની જેમ આ વર્ષે પણ તમે ગરબાનું આયોજન ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી કર્યું છે તે બદલ સૌને ધન્યવાદ. ઓમ્ પરિવારના ઉપક્રમે સમજણપૂર્વક કરવામાં આવતા ગરબાના આયોજન પાછળ ખૂબ જ સદ્‌ભાવના રહેલી છે. આવા કાર્યક્રમના આયોજનથી સૌથી મોટો લાભ એ થાય છે કે આપણાં બાળકો આપણી ઉપસ્થિતિમાં તેનો વિવેકપૂર્ણ સાત્ત્વિક-નિર્દોષ આનંદ મેળવે, બહાર યોજાતા આવા દૂષિત-વિકૃત કાર્યક્રમોથી દૂર રહે. તેઓમાં સુસંકારોનું સિંચન થાય. તેમના માનસપટમાં સુસંસ્કારોના બીજનું વાવેતર થાય, જે સમય જતાં અંકુરિત થવાથી તેમની જીવન-સમજણ તે સુસંસ્કારોને અનુરૂપ થઈ જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવાના રાહ ઉપર અગ્રેસર થઈ તેને પામશે. નવ દિવસના નવરાત્રિના પર્વમાં એક દિવસનું ગરબાનું આયોજન થાય છે તે આનંદની વાત છે. પરંતુ આવું, આયોજન એક કરતાં વધુ દિવસનું કે નવ દિવસનું થાય તે આવકારદાયક છે. પરંતુ, વધુ દિવસના આયોજન માટે સમય અને શક્તિની વધુ જરૂર પડે. તેથી જેટલું આયોજન થઈ શકે તેમ હોય તેટલું પ્રેમપૂર્વક થાય તે પણ ઘણું જ ઉત્તમ છે.

નવરાત્રિ સામૂહિક આરાધનાનું પર્વ છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન કોની આરાધના કરવાની છે ? શક્તિની આરાધના કરવાની છે. કઈ શક્તિની આરાધના કરવાની છે ? આત્મશક્તિની આરાધના કરવાની છે. આત્મશક્તિની આરાધના સૂક્ષ્મ શરીર દ્વારા કરવાની છે. સૂક્ષ્મ શરીર એટલે મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર. આ ચારેયના સમૂહને અંતઃકરણ કહેવાય છે. આત્મશક્તિની આરાધના સૂક્ષ્મ શરીર દ્વારા કઈ રીતે કરવાની છે ? હું, પંચમહાભૂતથી બનેલું નાશવંત આ શરીર નથી, પરંતુ તેમાં રહેલ નિર્ગુણ-નિરાકાર-અજર-અમર આત્મા છું. કર્માનુસાર જીવનમાં આવતાં સુખ-દુઃખ-હર્ષ-શોક-એષણા-તૃષ્ણા એ તો શરીર સાથે જોડાયેલાં છે. આત્માને તેની સાથે કોઈ જ સબંધ નથી, તે તો એ બધાથી પર છે. સૂક્ષ્મ શરીર દ્વારા આ સનાતન સત્યની સમજણ દઢ કરવાના પુરુષાર્થરૂપી આરાધના કરવાની છે. આ સમજણનું મનન મન દ્વારા થાય છે. તેનું ચિંતન ચિત્ત દ્વારા થાય છે. એનો નિર્ણય બુદ્ધિ દ્વારા લેવાય છે. તેની પ્રતીતિ અહં દ્વારા થાય છે. તો, આત્માશક્તિની આરાધના જે સૂક્ષ્મ પ્રતીતિ અહં દ્વારા થાય છે. સૂક્ષ્મ શરીર પંચમહાભૂતથી બનેલા સ્થૂળ શરીરના સહારે રહેલું-ટકેલું હોય છે, તેથી સ્થૂળ શરીર જેટલું વધુ સશક્ત-નિરોગી અને તંદુરસ્ત રહે તેટલું વધુ સારી રીતે તેના સહારે રહેલું સૂક્ષ્મ શરીર આત્મશક્તિની આરાધના કરી શકે. આ સ્થૂળ શરીરનું બંધારણ તેની અંદર રહેલાં ચક્રો- કેન્દ્રો દ્વારા મુખ્યરૂપે બંધાયેલું છે. કેટલાક વિશેષજ્ઞોએ શરીરની અંદર નીચે મુજબ સાત ચક્રો જણાવેલાં છે.

(૧) મૂલાધાર (૨) સ્વાધિષ્ઠાન (૩) મણીપુર (૪) અનાહત (૫) વિશુદ્ધ (૬) આજ્ઞાચક્ર (૭) સહસ્રાર.

જ્યારે કેટલાકે આ ચક્રો નવ છે એમ જણાવેલ છે. સામાન્ય મનુષ્યના શરીરમાં આ ચક્રો સુષુપ્ત અવસ્થામાં હોય છે. તેને જાગ્રત કરવા પુનઃ નવાં કરવા તે દરેક ચક્ર માટે વિશેષજ્ઞોએ તેનો ખાસ પ્રકારનો બીજમંત્ર જણાવેલ છે. જે તે ચક્ર માટેના બીજમંત્રને યોગ્ય રીતે જપવાથી તેને અનુરૂપ ચક્ર ઉપર એકજાતનું દબાણ થાય છે. વળી, આ ચક્રો એટલાં તો સંવેદનશીલ હોય છે કે જેથી તેની ઉપર સહેજ પણ દબાણ આવતાં તે તરત જ સક્રિય થવા માંડે છે. નવરાત્રિમાં એક પછી એક બીજમંત્રના જાપ કરી નવ દિવસમાં આ ચક્રોને સક્રિય કરવાનાં છે - જાગ્રત કરવાનાં છે - પુનર્નવાં કરવાનાં છે. એથી આત્મશક્તિની આરાધના સારી રીતે થઈ શકે. પરંતુ આ માટે

દરેક ચક્રમાં બીજમંત્ર અને તેના જાપ કરવાની પદ્ધતિના જાણકાર- વિશેષજ્ઞ પાસે તે બરાબર સમજવાની જરૂરત રહે છે. તેથી આવી ગૂંચવણભરી જટિલ પ્રક્રિયામાં ના પડવું હોય તો માત્ર ગાયત્રીમંત્રના જાપ કરીએ, તો તે પણ ઉત્તમ-સરળ માર્ગ છે. ગાયત્રીમંત્ર બુદ્ધિની શુદ્ધિનો મંત્ર છે. તેમાં બુદ્ધિની શુદ્ધિ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરવામાં આવેલી છે. બુદ્ધિ શુદ્ધ થવાથી મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષપ્રાપ્તિ માટેનો પુરુષાર્થ સારી રીતે થઈ શકે છે. તે માટે તેને અનુરૂપ જરૂરી સંયમ-નિયમ-આહાર-વિહારની સમજણ પાકી થઈ જાય છે. પરિણામે તેવું જીવન જીવતાં જીવતાં આત્મશક્તિની આરાધના સારી રીતે થઈ શકે છે. આમ સામૂહિક આરાધનાના નવરાત્રી પર્વમાં સૌ દ્વારા આ રીતે સમજણપૂર્વક આત્મશક્તિની આરાધના કરવામાં આવે, તો સાચી નવરાત્રી ઊજવી કહેવાય. તેથી સમાજમાં આધુનિકતાના અંચળા હેઠળ વ્યાપેલી સ્વચ્છંદ વિકૃતિઓ દૂર થાય છે. સમાજમાં સંસ્કારિકતા અને શાલીનતાના સદ્‌ગુણો ઊભરી આવે છે. પરિણામે સમાજની તથા તેમાં જીવતા સર્વેની સાચી ઉન્નતિ થાય છે. આમ, નવરાત્રિપર્વને સમાજના નૈતિક ઉત્થાન માટેની સામૂહિક આરાધનાનું પર્વ પણ ગણી શકાય. જો, આમ, સમજણપૂર્વક નવરાત્રી ઊજવીએ તો સાચી નવરાત્રી ઊજવી કહેવાય. શક્તિની-નવદુર્ગાની સાચી આરાધના કરી કહેવાય.

આપણે દુર્ગા-દુર્ગ શબ્દની અંદર છુપાયેલા રહસ્યને સમજીએ. દુર્ગનો અર્થ થાય કિલ્લો. આપણું પંચમહાભૂતથી બનેલું શરીર પણ દુર્ગ કહેતાં એક કિલ્લો જ છે. સામાન્ય મનુષ્યના આ શરીરરૂપી કિલ્લામાં બે આંખ - બે કાન - બે નાસિકા - એક મુખદ્વાર - એક મૂત્રદ્વાર અને એક મળદ્વાર આમ નવ દ્વાર આવેલાં છે. સામાન્ય મનુષ્યનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે, આ નવમાંથી કોઈ એક દ્વારેથી પ્રાણ શરીરમાંથી બહાર નીકળી જાય છે. યોગીઓને દશ દ્વાર આવેલાં હોય છે. તેઓને ઉપર મુજબનાં નવ દ્વાર ઉપરાંત દશમું દ્વાર બ્રહ્મરંધ્ર છે. અંત સમયે યોગી બ્રહ્મરંધ્રરૂપી દશમા દ્વારેથી પ્રાણનો ત્યાગ કરે છે. એટલે કે બ્રહ્મરંધ્ર દ્વારા યોગીઓનો આત્મા શરીરમાંથી બહાર નીકળી પરમચૈતન્યમાં ભળી જાય છે. સામાન્ય રીતે આ નવ દ્વાર જેને છે તેવા શરીરરૂપી કિલ્લામાં-પીંજરામાં ચૈતન્યસ્વરૂપ જે આત્મા રહેલો છે તે માટે અનુભવીઓએ સુંદર રજૂઆત કરતાં કહ્યું છે કે —

"નવ દ્વારે પીંજરે, વિહગો અનિલઃ
પ્રયાણે વિસ્મય, સ્થિતે આશ્ચર્ય કુતઃ ?"

અનુભવીઓએ અતિગહન વાતને અતિસરલ અને સહજ રીતે રજૂ કરી દીધી છે. અનુભવીઓએ શું કહ્યું છે ? જેને નવ દ્વાર છે એવા શરીરરૂપી પીંજરામાં પ્રાણરૂપી પક્ષી સ્થિર રહ્યું છે તે જ મોટું આશ્ચર્ય છે. આ પ્રાણીરૂપી પક્ષી શરીરરૂપી પીંજરું છોડીને બહાર નીકળી જાય - ઊડી જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી.

તો, જેને નવ દ્વાર છે તેવા આ શરીરરૂપી દુર્ગની-કિલ્લાની રક્ષા કરનાર તત્ત્વને-શક્તિને નવદુર્ગા અથવા નવદુર્ગેશ કહેવાય છે. દુર્ગા શબ્દ સ્ત્રીલિંગ છે અને દુર્ગેશ શબ્દ પુલ્લિંગ છે.

આ શરીરરૂપી કિલ્લામાં - દુર્ગમાં જે નવ ચક્રો આવેલાં છે કે જેના દ્વારા સમગ્ર શરીરના સ્થૂળ-સૂક્ષ્મ તંત્રનું સંચાલન થાય છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન આ નવ ચક્રો ઉપર બિરાજમાન નવ શક્તિઓને દરરોજ એક એક કરીને પ્રસન્ન કરવાની છે. એટલે કે નવ ચક્રોને કેમ કરી શુદ્ધ-પરિશુદ્ધ રાખવાં તેની સમજણ પ્રાપ્ત કરી, તે માટે નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરવાનો છે. આ માટે યોગશાસ્ત્રના હઠયોગ વિભાગમાં ષટ્‌કર્મની વિધિ જણાવવામાં આવી છે. આ ષટ્‌કર્મ નીચે મુજબ છે.

નેતી-ધોતી-બસતી-નૌલી-ત્રાટક-કપાલભાતી

તો શરીરરૂપી કિલ્લામાં આવેલ નવ ચક્રો ઉપર બિરાજેલ નવદુર્ગારૂપી નવ શક્તિઓને પ્રસન્ન કરવા એટલે કે તે ચક્રોને શુદ્ધ-પરિશુદ્ધ કરવા, પુનઃ નવાં કરવા માટે જરૂરી ષટ્‌કર્મની ક્રિયાના જાણકાર વિશેષજ્ઞના માર્ગદર્શન મુજબ તેમની હાજરીમાં કરવી પડતી આવશ્યક ક્રિયાઓ દ્વારા તે ચક્રોને શુદ્ધ-પરિશુદ્ધ કરવાં જોઈએ. જો આ નવ ચક્રો શુદ્ધ-પરિશુદ્ધ હશે તો, શરીરનું સમગ્ર સ્થૂળ-સૂક્ષ્મ તંત્ર સુવ્યવસ્થિત રીતે પોતપોતાનું કાર્ય કરવાં સક્ષમ થઈ યોગ્ય રીતે કાર્ય કરી શકશે. પરિણામે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષને પામવા માટે આત્મિક શક્તિની આરાધનારૂપી સાધન-ભજન સારી રીતે કરી પરમપદને પામી શકશે. જન્મ-મરણના દારુણ દુઃખદાયી ચકરાવામાંથી મુક્તિ મેળવી શકાશે. તો, આમ, નવરાત્રીમાં નવ દિવસમાં મનુષ્યજન્મ સાર્થક કરવા માટે સમજણપૂર્વક સાધન-ભજનરૂપી આરાધના કરવામાં આવે તો નવરાત્રી સાચી રીતે ઊજવી કહેવાય.

આ બધી સાચી સમજણની વાતો અવારનવાર કરવામાં આવે છે. તેને તમે બરાબર સાંભળી-સમજી જીવનમાં વધુ ને વધુ ઉતારવાનો પ્રયત્ન કરો છો તે ખૂબ જ આનંદની વાત છે. કાર્યક્રમમાં રૂબરૂ આવવાની ખૂબ જ ઇચ્છા થતી હોય છે, પરંતુ અવસ્થાના કારણે તબિયત નરમ-ગરમ રહેતી હોવાથી રૂબરૂ આવી શકાતું નથી. થોડા દિવસ પછી અમને સત્યાસીમું વર્ષ શરૂ થશે. અવસ્થાના કારણે તબિયત નરમ-ગરમ રહે તે સ્વાભાવિક છે. પરંતુ, પરમાત્માની અપાર કૃપા છે, જેથી આટલું બોલી શકાય છે. એ રીતે પરસ્પર સાત્ત્વિક આનંદની આપલે કરી શકાય છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે મનુષ્યજન્મ સાર્થક કરવા નવરાત્રીપર્વ સારી-સાચી રીતે ઊજવવા સૌને શક્તિ-મતિ આપવાની કૃપા કરે.

નૌરાત્રી - નવરાત્રી એટલે કે આઠ અને એક નૌ રાત્રી અને નવરાત્રી એટલે નવી રાત્રી. નૌરાત્રીમાં - નવરાત્રીમાં શરીર રૂપી દુર્ગને શુદ્ધ-પરિશુદ્ધ-સંપૂર્ણ સ્વસ્થ કરવાનો છે. નવ ચક્રોની શુદ્ધિ દ્વારા સૂક્ષ્મ શરીરની શુદ્ધિ અને નવીનીકરણ કરવાનું છે, તથા યોગિક ષટ્કર્મો દ્વારા સ્થૂળ શરીરની શુદ્ધિ તેને નવીનીકરણ કરવાનું છે. તથા યોગિક ષટ્કર્મો દ્વારા સ્થૂળ શરીરની શુદ્ધિ અને નવીનીકરણ કરવાનું છે. જેથી આવતા વર્ષ સુધી શરીર સંપૂર્ણ સ્વસ્થ અને સ્ફૂર્તિલું રહી શકે.

દશમના દિવસે-દશેરાના દિવસે - દશહરાના દિવસે વિકારોરૂપી દશાનનને હણવાનો છે - હરાવવાનો છે. નૌરાત્રીમાં મેળવેલી નવી શક્તિ દ્વારા દશેય ઇન્દ્રિયોના વિકારોને મારી હટાવવાના છે, એટલે કે ઇન્દ્રિયોનો મારા ઉપર કાબૂ નહીં, પણ ઇન્દ્રિયો મારા કાબુમાં. દશેરાના દિવસે આવો દૃઢ સંકલ્પ કરીને નૌરાત્રીની સાધના-ઉપાસનાને સાર્થક કરવાની છે.

માટીનો અનેક છિદ્રોવાળો ગરબો પણ શરીરનું જ પ્રતીક છે, શરીરમાં પણ અનેક રોમકૂપોરૂપી અનંત છિદ્રો છે. ગરબામાં દીવો મૂકવામાં આવે છે અને એ દીવાનાં પ્રકાશ-કિરણો ગરબાનાં અનેક છિદ્રો દ્વારા બહાર ફેંકાય છે - ફેલાય છે. તેવી જ રીતે શરીરરૂપી ગરબામાં પણ આત્મશક્તિની જ્યોત સતત ઝળહળતી રહે છે અને તેનો પ્રકાશ રોમછિદ્રો દ્વારા બહાર પથરાય છે. વળી, નવરાત્રીમાં જ્વારા વાવવાનો પણ રિવાજ છે. છેલ્લે દિવસે જ્વારાને પાણીમાં પધરાવી દેવાય છે. ખરેખર તો નૌરાત્રીના નવે દિવસ જવારાનો રસ પીવો જોઈએ. તે રસ શરીરને શુદ્ધ કરવામાં ઘણી મોટી સહાય કરે છે. પણ, અત્યારે તો "પીછે સે ચલી આતી હૈ" એવું થઈ રહ્યું છે. સૌ દેખાદેખી વર્તન કરે છે. ભવિષ્યમાં કદાચ પ્લાસ્ટીકના જ્વારાનો ઉપયોગ થાય તોય નવાઈ નહીં.

આપણાં પર્વો અને ઉત્સવો અતિઉપયોગી સામગ્રીનાં રહસ્યોથી ભરપૂર છે. તે રહસ્યોને અતિઉત્સાહપૂર્વક જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ, તો જ તેનો પૂર્ણ લાભ મેળવી શકાય. . . .અસ્તુ

સર્જનહારે મનુષ્યના શરીરનું સર્જન કરીને કમાલ કરી છે. તે બાબતમાં સ્વામી બ્રહ્માનંદજી કહે છે કે —

કામિલ કામ કમાલ કિયા, તુને ખ્યાલ સે ખેલ બનાઈ દીયા;
નહી કાગઝ કમલ જરૂરત હૈ, બીન રંગ બની સબ મુરત હૈ.
ઈન મુરત મે એક સુરત હૈ, તુને એક અનેક દીખાઈ દીયા;
જલ બુંદકો લે કર દેહ રચી, સુર - માનવ-દાનવ દેહ જુદા.
સબકે ઘટમંદિર કે અંદર, તુને આપ મુકામ જમાઈ દીયા

ફરી ફરી સર્વેને ખૂબખૂબ આશીષ.

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

જય શક્તિમાતાની - જય આત્મશક્તિની.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.

ઓમ્... ઓમ્... ઓમ...

પત્રાંશ

મણિનગર

તા. ૨૪-૦૮-૨૦૧૪

આદરણીય યોગભિક્ષુજી,

હરિૐ સસ્નેહ વંદન

રુતંભરાનો ઓક્ટો.નવે.ડિસે.નો અંક મળ્યો. હંમેશ મુજબ રસથી જોઈ ગયો. હું સામયિકો ચલાવતા મિત્રોને પ્રસંગ આવે તો સૂચવતો હોઉં છું કે - આપના સામયિકમાં ઓક્ટોબરના અંકમાં ગાંધીવાણીને કંઈ નહીં તો વર્ષમાં એક વાર સ્થાન આપો. રાષ્ટ્રપિતા છે - રાષ્ટ્રસંત છે - સત્ય - અહિંસાના દૂત છે.

પ્રથમ મૃખપૃષ્ઠ ઉપર આપની છબી આવે છે, એ ન બદલાય તો વાંધો નહીં, પણ માથે પહેરેલી ઊનની ટોપીમાં લખાયેલ - અક્ષરો સમજાતા નથી. એને બદલે ૐ ગુરુ કે એવા કોઈ સૂત્ર ન દર્શાવી શકાય ?

આપની તબિયત નરમ-ગરમ રહે છે. પ્રવાસ-યાત્રા મર્યાદા સ્વીકારી છે, એ સારું છે પણ પત્રિકામાં એકાદ ખૂણામાં આપને મળવાનો દિવસ, સમય આપી શકાય તો - દર્શનાર્થીઓની સગવડ વધે.

આપનું સ્વાસ્થ્ય નિરામય રહો !

મનુ પંડિતના વંદન

બેસતા વર્ષ નિમિત્તે પરમ પૂજ્ય ગુરુદેવનાં આશીર્વચન

તા. ૨૪-૧૦-૨૦૧૪, શુક્રવાર **સંકલન : શશિકાન્ત પટેલ**

દરવર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૪-૧૦-૨૦૧૪ને શુક્રવારના રોજ બેસતા વર્ષ નિમિત્તે ઓમ્‌પરિવારના ઉપક્રમે સ્વાધ્યાય-સત્સંગ-પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં ટેલિફોનના માધ્યમ દ્વારા આશીર્વચન તથા સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સવારે સાતથી આઠ દરમિયાન શ્રી નૈષધભાઈ વ્યાસના આંગણામાં, ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ સ્કૂલ સામે, મણિનગર મુકામે રાખવામાં આવેલ. તે નિમિત્તે પ.પૂ. ગુરુદેવશ્રીએ સૌ ગુરુભક્તો પર કૃપાની હેલી વરસાવતાં જે પરમ કલ્યાણદાયી આશીર્વચન પાઠવ્યાં તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન.

સત્ય-ધર્મ-ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર.

સર્વેનું સ્વાગત. વંદન-અભિનંદન - આશીષ

નવા વર્ષ નિમિત્તે સૌને અમારી ખૂબખૂબ શુભકામના. પરમ કૃપાળુ પરમાત્માને ખૂબ ખૂબ પ્રાર્થના કરીએ કે જેથી તેમની કૃપા થકી આખું વર્ષ સૌ સાથે ખૂબ-ખૂબ પ્રેમપૂર્વક આનંદથી વિતાવીએ. પૂરા વર્ષ દરમિયાન કલ્યાણપથમાં ખૂબ જ દઢતા અને પ્રેમપૂર્વક આગળ વધી મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે આત્યંતિક સુખ, અર્થાત્ પરમપદને પામવા માટે નિષ્કામ સત્કર્મોરૂપી પુણ્યનું ભાથું ખૂબ-ખૂબ ભેગું કરી શકીએ. પરમ કૃપાળુ પરમાત્માની અનંત કૃપાથી તથા ગત જન્મોનાં સત્કર્મોના ફળસ્વરૂપ મહાદોહ્યલો મનુષ્ય અવતાર પ્રાપ્ત થયો છે, તો તેમાં પરમપદ, અર્થાત્ મોક્ષરૂપી આત્યંતિક સુખને પ્રાપ્ત કરવું એ જ જીવનનું મુખ્ય લક્ષ રાખવાનું છે. તેની પ્રાપ્તિમાં જ મનુષ્યજન્મની સાર્થકતા રહેલી છે. આત્યંતિક સુખ એટલે એવું સુખ કે જે ક્યારે પણ દુઃખમાં પરિણમતું નથી. સદા સર્વદા શાશ્વત સુખની જ પ્રાપ્તિ થાય છે, અનુભૂતિ થાય છે. તે સિવાયનાં જગતનાં તમામેતમામ ભૌતિક સુખ-સગવડ-ધન-વૈભવ-આભાસી-ક્ષણભંગુર-મૃગજળ સમાન છે. તેથી તેને પ્રાપ્ત કરવા માટે તેની પાછળ આંધળી દોટ મૂકી પરમાત્માની કૃપાથી મળેલ મોંઘેરો મનુષ્ય અવતાર વેડફી નહીં નાખતાં, મોક્ષ અથવા પરમપદરૂપી આત્યંતિક સુખને પામવાનો સમજણપૂર્વક પુરુષાર્થ કરવાનો નવા વર્ષે દઢ સંકલ્પ કરીએ. આપણે આવું સાત્ત્વિક-સદાચારી જીવન જીવીએ અને બીજાને તેવું જીવન જીવવા માટે પ્રેરણારૂપ બનીએ. તેની શુભ શરૂઆત સગાં-સ્નેહી સૌ કોઈ સાથે મીઠું મોં કરી - કરાવીને કરીએ. મીઠું મોં કરાવવાની વાતને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. વીતેલા વર્ષ દરમિયાન પરસ્પર જે ગેરસમજ થઈ હોય, મનદુઃખ થયું હોય, મનમાં કડવાશ પેદા થઈ હોય તેને, જેમ સાપ કાંચળી ઉતારે તેમ, મનમાંથી દૂર કરીને સૌ સાથે નિઃસ્વાર્થ પ્રેમ અને સદ્‌ભાવનાપૂર્વક સાથ-સહકારથી રહીએ. આમ નવા વર્ષે નવેસરથી સૌ સાથે સદ્‌ભાવનાપૂર્વક સરળ જીવન જીવવાની શરૂઆત કરીએ.

આ બધી વાત તમે સૌ અવારનવાર કાયમ સાંભળો જ છો. અમે સાચી સમજણથી આ વાતો તમને સૌને વારંવાર સંભળાવીએ છીએ. જેથી તેની વિસ્મૃતિ ન થાય અને તે તાજી રહે. તમે સૌ આવી કલ્યાણકારી સાચી સમજણની વાતોનો યથાયોગ્ય જીવનમાં અમલ કરી જ રહ્યા છો, કલ્યાણ માર્ગમાં આગળ વધી જ રહ્યા છો અને બીજાને તેમ કરવા પ્રેરણા આપી રહ્યા છો તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ છે. નવા વર્ષે પરમાત્માને પ્રાર્થના કરીએ કે સૌને સદ્‌ભાવનાવાળું સાત્ત્વિક નિખાલસ જીવન જીવવા ખૂબ ખૂબ શક્તિ-મતિ આપે. ફરી ફરીને સર્વેને ખૂબ ખૂબ આશિષ શુભેચ્છા.

સર્વેને જય નારાયણ - જય ઓમ્ ગુરુદેવ.

ઓમ્... ઓમ્.... ઓમ્....

સાચો સાધુ સમાજની સેવા તો કરે જ છે પરંતુ, પોતાનો પરિવાર નથી વધારતો, એટલા માટે કે એની (પોતાની) પ્રજાનો ભાર સમાજને ઉપાડવો ન પડે.

('મૃત્યુઃઅમૃતનોખોળો' માંથી સાભાર)

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

- **ટ્રસ્ટના ઉદ્દેશો**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણોના તથા પ્રેરક પ્રસંગોના લેખો આવકાર્ય છે.

લવાજમદર :

ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં)	...	₹	૧૦૦-૦૦
આજીવન સભ્ય (ભારતમાં)	...	₹	૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં)	...	$	૧૫-૦૦
આજીવન સભ્ય (પરદેશમાં)	...	$	૧૫૦-૦૦
છૂટક નકલની કિંમત	...	₹	૧૦-૦૦

લવાજમ મોકલવાનું કે "ૠતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)
3/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩. ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar